જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૫૦૬૮૪૭

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૨૧-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

અંતે મોદીએ ખેલ્યુ હિન્દુ કાર્ડ..?, વડાપ્રધાને રેલી કરી વિપક્ષ પર પ્રહારો કર્યા

કોંગ્રેસે મત માટે ૨૬/૧૧ના હુમલામાં હિંદુઓને ફસાવ્યા: મોદી

પ્રથમ ચરણના મતદાન બાદ વિરોધીઓના મોઢે તાળા લાગી ગયા છે, હવે તેઓ એરસ્ટ્રાઈકના પુરાવા નથી માંગી રહ્યાં, ભારત તેરે ટુકડે હોંગે કહેનારાઓને જવાબ આપવા માંગુ છું

અરરિયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના અરરિયામાં એક ચૂંટણી સભા સંબોધી હતી. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ નેપાળને અડીને આવેલી સીમાંચલની ભૂમિ પરથી કહ્યું કે કોંગ્રેસ સરકારે ૨૬/૧૧ના મુંબઈ હુમલા બાદ પાકિસ્તાનને સબક શીખવાડવાના સ્થાને હિંદુઓને ફસાવવાનું કાવતરૂ ઘડ્યું હતું. કોંગ્રેસે વોટભક્તિની રાજનીતિ કરવા માટે આ કામ કર્યુ હતું

પીએમ મોદીએ કહ્યું, "નાત જાતના ભેદભાવ સીવાય આપણી ઓળખા એક ભારતીય તરીકેની છે. મેં પાંચ વર્ષ સુધી તમારી સેવા કરી છે. જે લોકોને ભારત માતાના જયકારાથી સમસ્યા હતી તેમને પહેલા બે ચરણના મતદાનમાં જવાબ મળી ગયો છે. હવે તેમના ચહેરા ઉતરેલા છે અને તેઓ હવે એર સ્ટ્રાઈકના પુરાવા માંગી રહ્યાં નથી.

પીએમ મોદીએ કહ્યું કે દેશભક્તિની રાજનીતિ શા માટે થાય છે તે તમે પહેલા ઊરી અને બાદમાં પુલવામાં હુમલા વખતે જોઈ લીધું હતું. પહેલાં સર્જિકલ સ્ટ્રાઈક અને બાદમાં એરસ્ટ્રાઈક થઈ હતી. જે પાકિસ્તાન દુનિયામાં છાતી કાઢીને દાદાગીરી કરતું હતું તેને સમગ્ર વિશ્વમાં ભારતે નોખું પાડી દીધું છે. પ્રથમ ચરણના મતદાન બાદ વિરોધીઓના મોઢે તાળા લાગી ગયા છે, હવે તેઓ એરસ્ટ્રાઈકના પુરાવા નથી માંગી રહ્યાં, મતદાતાઓએ તેમના મોઢા પર તાળા મારી દીધા છે.



પીએમ મોદીએ ઉમેર્યુ કે સત્યને કોઈ આંચ આવતી નથી. પ્રથમ બે ચરણના મતદાનમાંજ તેમની જમીન ખસી ગઈ છે. બે ચરણોના જે સંભવિત પરિણામ આવી રહ્યાં છે ત્યારથી તેમમે વીર જવાનો પાસે પુરાવા માંગવાનું બંધ કરી દીધું છે. હવે તો તેમને પહેલાં જેટલા સંસદમાં હતા એટલા પણ પાછા પહોંચશે કે નહીં તેની ચિંતા સતાવી રહી છે.

પીએમ મોદીએ બિહારની એક સભામાં કહ્યુ હતુ કે,દિલ્હીમાં બાટલા હાઉસ એક્રાઉન્ટર થયુ ત્યારે તેના પર સવાલ ઉઠાવીને શું કોંગ્રેસે શહીદ પોલીસ અધિકારીનુ અપમાન નહોતુ કર્યુ ?મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલા બાદ કોંગ્રેસના લોકો પાકિસ્તાન પર કાર્યવાહી કરવાની જગ્યાએ હિન્દુઓને આતંકવાદ સાથે જોડી રહ્યા હતા.

તેમણે કહ્યુ હતુ કે, બાટલા હાઉસમાં જ્યારે પોલીસ ખાતાના જાંબાઝોએ આતંકવાદીઓ સામે કાર્યવાહી કરી હતી ત્યારે ખુશ થવાની જગ્યાએ કોંગ્રેસના મોટા મોટા નેતાઓની આંખોમાં આંસુ આવી ગયા હતા.શું તે શહીદોનુ અપમાન નહોતુ? સાધ્વી પ્રજ્ઞાએ મુંબઈ હુમલાના શહીદ પોલીસ અધિકારી હેમંત કરકરે અંગે આપેલા નિવેદન બાદ કોંગ્રેસે સાધ્વી પ્રજ્ઞા પર શહીદોનુ અપમાન કરવાનો આરોપ મુક્યો હતો.પીએમ મોદીએ બાટલા હાઉસ એક્રાઉન્ટરનો ઉલ્લેખ કરીને તેનો જવાબ આપ્યો હતો.

ન્યાયપાલિકાની સ્વતંત્રતા ગંભીર ખતરામાં છે: ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ

સુપ્રિમ કોર્ટના સીજેઆઈ વિરુદ્ધ મહિલાએ જાતિય શોષણનો આરોપ મૂક્યો

ચીફ જસ્ટિસે આરોપોને નકાર્યા, ચીફ જસ્ટિસ વિરુદ્ધના આરોપો પર એક અન્ય જજોની બેંચ સુનાવણી કરશે

ન્યુ દિલ્હી

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા વિરુદ્ધ એક મહિલા દ્વારા લગાવાયેલા જાતિય શોષણના આરોપ પર શનિવારે સુપ્રીમ કોર્ટમાં વિશેષ સુનાવણી થઈ. સીજેઆઈ રંજન ગોગોઈ, જસ્ટિસ અરુણ મિશ્રા અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેંચે જણાવ્યું હતું કે, ચીફ જસ્ટિસ વિરુદ્ધના આરોપો પર એક અન્ય જજોની બેંચ સુનાવણી કરશે. કોર્ટે જણાવ્યું હતું કે ન્યાયપાલિકાની સ્વતંત્રતા ગંભીર ખતરામાં છે. આ દરમિયાન સીજેઆઈએ પોતાના પર લાગેલા આરોપોને પાયાવિહોણા ગણાવતા તેને



આગામી સપ્તાહમાં કેટલાક મહત્વના મામલામાં થનારી સુનાવણી રોકવાના પ્રયાસનો કરાર આપ્યો હતો.

વિશેષ સુનાવણીનું કારણ જણાવતા સીજેઆઈ રંજન ગોગોઈએ જણાવ્યું હતું કે, મેં આજે કોર્ટમાં બેસવાનું અસમાન્ય અને અસાધારણ પગલું લીધું છે, કારણકે મામલો ઘણો આગળ વધી ચૂક્યો છે. ન્યાયપાલિકાને બલિનો બકરો ન બનાવી શકાય. સુનાવણી દરમિયાન સીજેઆઈ ગોગોઈએ કહ્યું હતું કે આરોપો પાછળ કોઈ મોટી તાકાત હશે, તેઓ સીજેઆઈના કાર્યાલયને નિષ્ક્રિય કરવા માગે છે. તેમણે જણાવ્યું કે તેઓ આગામી સપ્તાહે મહત્વપૂર્ણ મામલાની સુનાવણી કરવાના છે, અને આ પ્રયાસ તે મામલાઓની સુનાવણી રોકવાનો પ્રયાસ છે.


સુનાવણી દરમિયાન સીજેઆઈએ કહ્યું કે, સ્વતંત્ર ન્યાયપાલિકાને અસ્થિર કરવા મોટું કાવતરું છે. હું આ ખુરશી પર બેસીશ, અને કોઈ ડર વિના ન્યાયપાલિકા સાથે જોડાયેલા મારા કર્તવ્યને પૂરા કરતો રહીશ. ઉલ્લેખનીય છે કે, સીજેઆઈ આવતા સપ્તાહે રાહુલ ગાંધી વિરુદ્ધ અવમાનનાનો કેસ, પીએમ મોદીની બાયોપિક રિલીઝ સાથે તમિલનાડુના વોટરોને કથિત રીતે લાંચ આપવાને કારણે ત્યાં ચૂંટણી સ્થગિત કરવાની માગની અરજી પર સુનાવણી કરવાના છે. જોકે, તમિલનાડુના વેલ્લોરને છોડીને તમામ લોકસભા બેઠકો પર વોટિંગ થઈ ચૂક્યું છે.

સીજેઆઈએ આરોપોને પાયાવિહોણા ગણાવતા કહ્યું હતું કે આ અવિશ્વસનિય છે. મને નથી લાગતું કે આ આરોપોનું ખંડન કરવા માટે મારે આટલું નીચે ઉતરવું જોઈએ. આરોપોથી આહત સીજેઆઈએ કહ્યું કે તેમણે ન્યાયપાલિકાની ૨૦ વર્ષ નિઃસ્વાર્થ સેવા કરી, જેનું આ પરિણામ મળ્યું છે. તેમણે કહ્યું કે, ૨૦ વર્ષ કામ કર્યા બાદ મારી પાસે ૬.૮ લાખ બેંક બેલેન્સ અને ૪૦ લાખ રુપિયા પીએફમાં છે. જ્યારે મારી વિરુદ્ધ કશુંય ન મળ્યું તો આરોપ લગાવવા એક મહિલાને ઉભી કરવામાં આવી.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET4U™



MARKET 4U કંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com



BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ
radhe furnishing
સોફા અને પડદાનાં કાપડ પર ૨૦% થી ૩૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- સોફાનું કાપડ - યુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોલર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન ફ્લોરીંગ - વર્ટીકલ બ્લાઈન્ડ્સ - મચ્છરજાળી
- વોલપેપર - વુડન ફ્લોરીંગ - ઝેબ્રા બ્લાઈન્ડ્સ - બેડશીટ - સોફા ક્લિનિંગ



વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ
refresh DECOR BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST
દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ
• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ ગ્રરટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પિન્ટ



"રાજ વિકટોરીયા" પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com
BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર
જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર
અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહીં
સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

ભ્રષ્ટાચાર ખુલ્લો ના પડે એટલે હુમલો કરાયો : હાર્દિક પટેલનો આક્ષેપ



ભાજપે ભ્રષ્ટાચાર ખુલ્લો પડે તે પૂર્વે હુમલો કરાવીને મુદ્દો ડાયવર્ટ કર્યો : હાર્દિક પટેલ: કપિલ સિબ્બલ પત્રકાર પરિષદ યોજે તે પૂર્વે જ હુમલો

હાર્દિક પટેલ પર આજે વઢવાણ ખાતે થયેલા હુમલા બાદ મોડી રાત્રીના મોરબી સભાને સંબોધન કરવા પહોંચ્યા હતા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર લલીતભાઈ કગથરા, કચ્છના ઉમેદવાર નરેશભાઈ મહેશ્વરી, ધારાસભ્ય બ્રિજેશ મેરજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

મોરબીના બાપા સીતારામ ચોકમાં યોજાયેલ જન આક્રોશ સભાને સંબોધન કરતા કોંગ્રેસ ઉમેદવાર લલીતભાઈ કગથરાએ કોલગેસ મંજુરી અને અનામત આયોગનો શ્રેય હાર્દિક પટેલને આપ્યો હતો તેમજ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા જયારે કોંગ્રેસના સ્ટાર પ્રચારક હાર્દિક પટેલે સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે ભાજપના અમિત શાહ તેની હત્યા કરાવવાનું કાવતરું રચે છે આજે કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલ પત્રકાર પરિષદ યોજી નોટબંધી સમયનો અમિત શાહનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડે તે પૂર્વે હુમલો કરાવીને મુદ્દાને ડાયવર્ટ કરવામાં આવ્યો છે ગેસના વધતા ભાવો, પેટ્રોલના ભાવવધારા મુદે ભાજપ પર પ્રહારો કર્યા હતા તો મોરબીમાં રોડ રસ્તાની સમસ્યા છે અને પૂર્વ ધારાસભ્યના ગામનો રસ્તો બેકાર હોવાનું જણાવ્યું હતું તે ઉપરાંત ગોધરાની ઘટના યાદ કરી પીએમ પર પ્રહારો કર્યા હતા અને રામના નામે છેતરતા હોવાનું જણાવ્યું હતું મોરબીના બધા ડેમો કોંગ્રેસે બનાવ્યાનું જણાવ્યું હતું તેમજ ઈવીએમમાં ગોટાળા ના કરે તે માટે તકેદારી રાખવા અને કોંગ્રેસ કાર્યકરો સવારે છ વાગ્યે મતદાન મથકે પહોંચી જજો તેમ પણ જણાવ્યું હતું.

પાળીયાદ પોલીસ દ્વારા ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ



પાળીયાદ અને આજુબાજુના ગામોમાં ચુંટણી પ્રક્રિયા શાંતિપુર્ણ રીતે યોજાઈ તે હેતુથી ફુટ પેટ્રોલિંગ યોજાયુ

બોટાદ જીલ્લાના પાળીયાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકસભા ચુંટણી અનુસંધાને ફુટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યુ હતુ.જેમાં પાળીયાદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ-એન.સી. સગર તથા પોલિસ સ્ટાફ તેમજ સી.આઈ. એસ.એફ. ની ટીમ દ્વારા પાળીયાદની ગામની મુખ્ય બજારોમાં ફરી ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ. આગામી દિવસોમાં લોકસભા-૨૦૧૯ ની ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી પ્રક્રિયા બોટાદ જીલ્લા સહીત પાળીયાદ માં સંપુર્ણ શાંતિપુર્ણ રીતે યોજાય તે હેતુથી પાળીયાદ પી.એસ. આઈ-એન.સી.સગર અને સ્ટાફ તેમજ સી.આઈ.એસ.એફ. ટીમ દ્વારા પાળીયાદ સહીત આજુબાજુના ગામોની મુખ્ય બજારોમાં ફરી ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ.

કહેતા દુ:ખ થાય છે પરંતુ નરેન્દ્ર ભાઈ ૨ ઉમી પછી માજી વડાપ્રધાન હશે: અહેમદ પટેલ

રાજકોટ

કોંગ્રેસના રાષ્ટ્રીય ખજાનચી અહેમદ પટેલે રાજકોટમાં એક પત્રકાર કોન્ફરન્સ યોજી હતી. રાજકોટથી અહેમદ પટેલે બીજેપી પર આકરા પ્રહારો કર્યો હતા. અહેમદ પટેલે રાષ્ટ્રીય સુરક્ષા, ભાજપની નીતિ વિશે આકરા પ્રહારો કર્યા હતા. ભાજપા સરકારે જે રાજ ચલાવ્યું તેનાથી તમામ વર્ગ દુઃખી હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે આપણને કહેતા દુઃખ થાય છે પરંતુ નરેન્દ્ર ભાઈ ૨ ઉમી પછી માજી વડાપ્રધાન હશે.

તેમણે કહ્યું કે, જે પણ સત્તામાં પાર્ટી હોય તેને જનતાને હિસાબ આપવો જોઈએ. ભાજપ સત્તામાં રહીને કોંગ્રેસ પાસે હિસાબ માગે છે. છેલ્લા ૫ વર્ષમાં તમે શું કર્યું, વાયદાઓનું શું થયું તેવું અમને પુછે છે, પરંતુ ખરા અર્થમાં આ હિસાબો તેમને આપવા જોઈએ. અહેમદ પટેલે ગુજરાતમાં ૧૫ જેટલી બેઠકો જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જેમાં સૌરાષ્ટ્રની ૫-૬ બેઠકો જીતવાનો પણ દાવો કર્યો હતો.

અહેમદ પટેલે ભાજપેના 'નોટબંધી પર આકરા પ્રહારો કર્યા હતા, તેમને કહ્યું કે, હાલ જીએસટીના કારણે વેપારીઓ પરેશાન છે. વિદ્યાર્થી, બહેનો, ખેતમજૂર, આદિવાસી, દલિત પરેશાન છે. હવે મારું માનવું છે કે, ભાજપાના નેતૃત્વવાળી સરકારને જનતા બીજી ટર્મ નહીં આપે. અહેમદ પટેલે પોતાની પાર્ટીમાંથી પક્ષપલ્ટો કરતા નેતાઓ વિશે જણાવ્યું હતું કે, કોંગ્રેસમાંથી જતા લોકો અંગત સ્વાર્થ માટે જઈ રહ્યા છે. ભાજપ પાર્ટીમાંથી નેતાઓને તોડીને તેમને મંત્રી પદ કરતા પણ વિશેષ લાલચ આપવાનો આક્ષેપ કર્યો હતો.

અહેમદ પટેલે વધુમાં જણાવ્યું કે, પક્ષપલ્ટો કરનાર નેતાઓને ભવિષ્યમાં કોંગ્રેસે બીજી વખત ટિકિટ આપતા પહેલા કાળજી લેવી પડશે. અહેમદ પટેલે હાર્દિક પરના હુમલાની વાત કરી હતી. તેમને હાર્દિક પર થયેલા હુમલાને કડક શબ્દોમાં નિંદા કરી હતી. તેમને કહ્યું કે, દરેક પાર્ટીએ સૈદ્ધાંતિક લડાઈ લડવી જોઈએ, હિંસક હુમલો યોગ્ય નથી.

ઘરેથી રાજપીપળા ડ્રેસ લેવા જવાનું કહી નીકળેલી યુવતી ગૂમ થતા પિતાએ પોલીસનું શરણું લીધું

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના બોરીદ્રા ગામમાં રહેતી અંજલી મીરિયાભાઈ વસાવા (૧૮) ગત તારીખ ૩ એપ્રિલ ના દિવસે પોતાના ઘરે થી ૧૦૦/- લઈને રાજપીપળા ડ્રેસ લેવા જવાનું કહી ગઈ હતી એ પરત ઘરે ન આવતા પરિવારે ઘણી શોધખોળ કરી છતાં કોઈ પત્તો ન ચાલ્યો ત્યારબાદ સગા સંબંધીને ત્યાં પણ તપાસ કરવા છતાં આજદિન સુધી ક્યાં પણ ભાળ ન મળતા આખરે તેના પિતા મીરીયાભાઈ સુણાભાઈ વસાવા એ રાજપીપળા પોલીસ નો સંપર્ક કરી ગુમ થયાની જાહેરાત આપતા પોલીસે યુવતીની તપાસ હાથ ધરી છે.

જતા દંપતીને હાઈવા ટ્રકે ટક્કર મારતા પુત્રનું મોત, માતા પિતાને ઈજા

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના એકતેશ્વર ગામ નજીકથી બાઈક ઉપર જતા દંપતીની બાઈકને ટ્રકે ટક્કર મારતા પુત્રનું સ્થળ પરજ મોત થયું હતું જયારે માતા પિતાને ગંભીર ઈજા થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સંખેડા જિલ્લાના ક્રિષ્નાપુરા ગામના અરવિંદભાઈ તડવી તેની પત્ની સવીતાબેન તથા પુત્ર સંજય પોતાની મો.સા.નં. GJ-34-F-0940 લઈ નર્મદા નદીથી ભાદરવા તરફ જતાં હતા તે વખતે અકતેશ્વર ગામે સાંજરોલી જવાના રોડ પાસેથી પસાર થતા હતા ત્યારે પાછળથી એક હાઈવા ટ્રક નંબર GJ-21-W-6993 નો ચાલક પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મો.સા.ને ટકર મારતા બાઈક સવાર ત્રણેય રોડ ઉપર પડી જતાં અરવિંદભાઈ, સવીતાબેનને હાથે પગે ઈજાઓ થઈ હતી તેમજ પુત્ર સંજયના માથા ઉપર હાઈવા ટ્રકનું ટાયર ચઢાવી દઈ ગંભીર ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નીપજાવી ટ્રક ચાલાક નાશી ગયા બાદ પકડાઈ ગયો હોય પોલીસે અરવિંદભાઈ તડવીની ફરિયાદ લઈ ગુનો દાખલ કર્યો હતો.

વેપારીના ખિસ્સામાંથી મોબાઈલ ઝૂંટવી લેવાયો

સુરત

સલાબતપુરા ખરવર નગર ખાતેથી પસાર થતા એક વેપારીના શર્ટના ગજવામાંથી મોબાઈલ ફોનની લૂંટ કરવામાં આવી ફરાર થઈ જતા હતા તે વખતે ફરિયાદીએ તેમનો પીછો કરતા લાતો મારી નીચે પાડી દઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાતા પોલીસે આઈપીસી-૩૯૨ લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી- કોસાડ રોડ પર સૂર્યનગર સોસાયટી ખાતે રહેતા મયુરભાઈ દિનેશ શર્મા રહે છે. તેઓ ગત રાત્રે ખરવર નગર સોસાયટી પાસેથી પોતાની મોટર સાઈકલ લઈને પસાર થતા હતા ત્યારે મોટર સાઈકલ પર આપેલા બે અજાણ્યા ઈસમોએ તેમના શર્ટના ગજવામાંથી રૂા. ૮ હજારની કિંમતનો મોબાઈલ ફોનની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જોકે, વેપારીએ તેમનો પીછો કરતા લૂંટારૂઓએ તેમને લાતો મારી નીચે પાડી દઈ ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે લૂંટમાં ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પલસાણાના મલેકપોર ગામમાં કારમાંથી દારૂની ૮૪ બોટલો મળી

સુરત

પલસાણા તાલુકાના મલેકપોર ખાતેથી પસાર થતી એક કારમાંથી પોલીસે ૮૪ નંગ વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી એક બુટલેગરની ધરપકડ કરી હતી. જ્યારે એક બુટલેગરને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના મલેકપોર ગામના ભવાઈ ફળિયા ખાતે જીતુભાઈ ભગુભાઈ રાઠોડ રહે છે. ગત દિવસોમાં જીતુભાઈ રાઠોડ નામનો બુટલેગર પોતાની સફેદ કારમાં વગર પાસ પરમીટની ૮૪ નંગ વિદેશી દારૂનીછ બોટલો કિંમત રૂા. ૪૨ હજારની રાખી ત્યાંથી પસાર થતા હતો ત્યારે પોલીસે તેની કારને રોકી તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો કબજે કરી બુટલેગર કાર ચાલક જીતુ રાઠોડની ધરપકડ કરી હતી. જોકે, નવસારીથી આ વિદેશી દારૂ તો જથ્થો પૂરો પાડનાર છોટ્ટે મારવાડીને પોલીસે ચોપડે વોન્ટેડ બનાવવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહીબીશન એકટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

માંડવી તાલુકાના લાયજા ગામે ભાજપ સંયુક્ત મોરચાનું વિજય વિશ્વાસ સંમેલન યોજાયુ



માંડવી તાલુકાના લાયજા ગામે આજે લોકસભા ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાનો જંગી મતોની લીડથી વિજેતા પદ માટે કચ્છ જિલ્લા ભાજપ સંયુક્ત મોરચાઓ દ્વારા વિજય વિશ્વાસ સંમેલન આજે માંડવી તાલુકાનાં લાયજા ગામે યોજાયો હતો. જેમાં ગુજરાત રાજયના કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,અને વિખ્યાત ટી.વી. શો કલાકાર આયુષ્યમાન શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે, મતની મહતા આજે નાગરિકોને સમજાવા લાગી છે. વધતાં શિક્ષણ, ચુટણીપંચ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમોને કારણે લોકો મત આપવા હવે સક્રિય થયા છે. ત્યારે આપનો અમુલ્ય કીમતી મત આપી અન્યોને મતદાન માટે પ્રેરિત કરવા અપીલ કરી હતી. આપ સૌ ના સાથ થી સૌ નો વિકાશ થશે અને અખંડ ભારત, એક ભારત, શ્રેષ્ઠ ભારત રહેશે. માટે વધુ ને વધુ મતદાન થાય તેમ ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતું. જયારે કેન્દ્ર અને રાજય સરકારની સિધ્ધિઓ વર્ણવતા ઉમેદવાર વિનોદ ચાવડાએ સુશાસનના પાંચ વર્ષને ઈતિહાસ યાદ કરશે ફરી પાંચ વર્ષ અડગ,નિર્ણાયક, સરકાર માટે મોદીજીને ફરી રાષ્ટ્ર ધુરા સોપવા અને નયા ભારત નિર્માણ મા સહભાગી બનવા માટે 'કમળ' ને વોટ આપશો તો ફરી ઈતિહાસ તેને સુવર્ણ અક્ષરે અંકિત કરશે.

માજી રાજય મંત્રી તારાચંદભાઈ છેડા, મુંદ્રા માંડવી પોતાના મત વિસ્તારની સતત ખેવના કરનાર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ પ્રસંગોચિત ઉદ્બોધન કરી ફરીવાર મુંદ્રા, માંડવી ૨૦૧૪ કરતાં પણ વધુ મતોની લીડ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

લોક સંપર્ક કાર્યક્રમમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા કેબિનેટ મંત્રી ગુજરાત રાજય, ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા,માજી રાજય મંત્રી તારાચંદભાઈ છેડા, માજી ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, અનિરુધ્ધ દવે,ચંદુ વાડીયા, અરવિંદ ગોહિલ, દિવ્યાબા જાડેજા, ઉર્મિલાબેન પીઠડીયા, દિવ્યાબેન ગઢવી, રેખાબેન દવે, ગંગાબેન સેંઘાણી, મહેન્દ્ર ગઢવી, મેહુલ શાહ,નરેશ મહેશ્વરી, રાહુલ ગોર તથા ભાજપ પદાધિકારીઓ, કાર્યકરો શુભેચ્છકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

રોટરી હળવદના સુદામાની જોળીવાળા કાયમી પ્રોજેક્ટમાં વધુ ૪ પરિવારોમાં અપાશે દર મહિને અનાજ કરિયાણાની કીટ



બા નું બારમું જમાડવાની જગ્યાએ બારે માસ અને આજીવન ચાર ઘરમાં બાર જણાના પેટનો ખાડો પુરાય એવો મહાન સંકલ્પ કરતું જાકાસણીયા પરિવાર

મૂળ જેતપર ગામના વતની અને હરિનગર સોસાયટી હળવદ માં સ્થાઈ થયેલા અને આઈ.ટી.આઈ.માં સર્વિસ કરતા રવિભાઈ જાકાસણીયાના માતુશ્રીનું થોડા સમય પહેલા શ્વાસની બીમારીને હિસાબે અવસાન થયું હતું.

હાલ દેખાદેખીના આ સમયમાં મોટપ અને સારું દેખાડવાની લ્હાયમાં સારા કે નરસા પ્રસંગમાં ખૂબ ખર્ચા વધી ગયા છે જે નજર સમક્ષ જોવા મળે છે.

મૃતકની ઉત્તરક્રિયા એટલે કે બારમાં ની વિધિમાં સગવડ વાળા હોય કે અગવડ વાળા પણ લોક લાજે અને સમાજ ની બીકે અથવા મેણા ટોણા થી બચવા જમણવારનું આયોજન કરવામાં આવે છે. પણ આ પરિવાર ના વિચારો પહેલેથીજ અનોખા અને અલગ પ્રકારના છે.

તો એમને એવું વિચાર્યું કે એક ટંકના જમણમાં ખર્ચ કરવા કરતાં ૪ પરિવારના ૧૨ જણાના ઘરમાં કાયમી કે આજીવન માટે ચૂલો સળગે તો એનાથી સારું ને સુંદર જમણ બીજું કંઈજ નાં હોઈ શકે જેથી એમને જરૂરતમંદ ઘર કે પરિવાર માટે ૨૪૦૦૦ રૂપિયાનું માતબર દાન દર વર્ષે અને આજીવન આપવાનો શુભ સંકલ્પ કર્યો.

રોટરી કલબ ઓફ હળવદ મારફતે એવા ૪ પરિવારોમાં અનાજ કરિયાના ની કીટ શરૂ કરવામાં આવી જ્યાં બે ટંક ખાવાનાય સાંસા પડતા હતા.

રવિભાઈના લગ્ન વખતે પણ ખોટો ખર્ચ કે ધામધૂમ કર્યા વગર સાદાઈ થી લગ્ન કર્યા હતા.

આ વખતે બચેલા ૧૬૧૦૦૦ની મોટી રકમનું દાન જુદી જુદી સંસ્થાઓમાં કરવામાં આવ્યું હતું.

તેમના પિતાશ્રી રામજીભાઈ નિવૃત શિક્ષક છે અને પહેલાથી સેવા ના ભાવ સાથે નિસ્વાર્થ સેવા કરતા રહ્યા છે.

હાલ તેઓ નિવૃત હોવા છતાં પણ વિદ્યાર્થીઓના અભ્યાસ હેતુ વિવિધ ૩૦૦ જેવી સ્કુલોમાં જઈને ગણિત અને વિજ્ઞાન ના પ્રયોગો કરાવેલ છે.

આ પરિવાર દ્વારા સમાજ ને નવી દિશા અને નવો રાહ ચીંધ્યો છે.

વિરમગામના મહાલક્ષ્મી પોળ યુવક મંડળ દ્વારા રાષ્ટ્રહિતમાં ૧૦૦ ટકા મતદાન માટે પ્રતિજ્ઞા લેવામાં આવી



ન્યુઝ.વિરમગામ
વંદના નીલકંઠ વાસુકિયા

વિવિધ સરકારી વિભાગો દ્વારા લોકસભાની ચુંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે અને મતદારોને મતદાન કરવા માટે સંકલ્પ લેવડાવવામાં આવી રહ્યો છે ત્યારે અમદાવાદ જીલ્લાના વિરમગામ શહેરમાં આવેલ મહાલક્ષ્મી પોળ યુવક મંડળ દ્વારા હનુમાન જયંતિએ અનોખી પહેલ કરવામાં આવી હતી. વિરમગામના મહાલક્ષ્મી પોળ યુવક મંડળ દ્વારા આગામી લોકસભાની ચુટણીમાં રાષ્ટ્રહિતમાં ૧૦૦ ટકા મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. મહાલક્ષ્મી પોળના યુવાનોએ એક અવાજમાં કહ્યુ હતુ કે, અમારી પોળના તમામ મતદારો લોકસભાની ચુંટણીમાં અવશ્ય મતદાન કરશે.મહાલક્ષ્મી પોળમાં રહેતા યજ્ઞેશ દલવાડીએ જણાવ્યુ હતુ કે, હનુમાન જયંતિના દિવસે મહાલક્ષ્મી પોળના યુવક મંડળના સભ્યો અને પોળના રહીશો દ્વારા લોકસભાની ચુટણીમાં ૧૦૦ ટકા મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. અમે પોળના લોકો વિરમગામ સહિત દેશભરના તમામ મતદારોને અપીલ કરી રહ્યા છીએ કે તમે સાચો અને સારો ઉમેદવાર પસંદ કરજો. જેથી દેશનું ભલુ થઈ શકે.

તાતીથૈયા ગામ પાસે છકડો પલટી જતા પાછળ બેસેલી વ્યક્તિનું મોત

છકડો પલટી જતા ચાલક ભાગી છૂટ્યો

સુરત

તાતીથૈયા ગામ ખાતે આવેલા રાજ મંદિર સોસાયટી પાસે એક છકડા ચાલકે પોતાના સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવતા પાછળ બેસેલા ઈસમનું કરૂણ મોત નીપજ્યું હોવાનો બનાવ કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વતની અને હાલ ગોપાલ પાર્ક સોસાયટી પાલનપુર જકાતનાકા પાસે રહેતા એક છકડાના ચાલક ગતરોજ તાતીથૈયા ગામ રાજ મંદિર સોસાયટી પાસેથી પસાર થતા હતા. ત્યારે અચાનક તેમણે વાહન પરનો કાબુ ગુમાવતા પલ્ટી ખાઈ જતા પાછળ બેઠેલા ૨૬ વર્ષના વિપુલભાઈ પરમાર નીચે પડી જતા શરીરે વધતી-ઓછી ઈજા પહોંચાડી મોત નીપજાવી ફરાર થી ગયા હતા. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



કોલેજના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા બનાવાયેલી વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન આજથી વીર કવિ નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હોલમાં શરૂ કરવામાં આવ્યું હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.

દક્ષિણ ગુજરાતનું તાપમાનમાં વધ્યું તાપમાનનો પારો ૪૦ ડિગ્રી નજીક

સુરત

ઉત્તર દિશાથી ગરમ પવન ફૂંકાવાની સાથે દીક્ષણ ગુજરાતમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચી જતા ગરમીનો આકરો તાપ અનભુવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ગરમી વધશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૯ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૪.૦ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૧ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. નવસારીમાં અધિકત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૨.૦૦ ડિગ્રી નોધાયું છે. વલસાડમાં અધિકત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૧.૬ ડિગ્રી નોંધાયું છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજથી ગરમી વધવાની શરૂઆત થઈ છે. આજે બપોરે આકરો તાપ અનુભવાતો હતો. સાંજ સુધી ગરમીનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં ઉનાળાની ગરમી અનુભવાય તેવી શક્યતા છે.

જયપુરમાં વેપારીએ માલ ખરીદી સુરતના વેપારીને ચૂનો ચોપડ્યો

સુરત

રાજસ્થાનમાં વેપારીએ સુરતના વેપારી પાસેથી રૂપિયા ૩,૫૩,૪૧૭ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાજસ્થાની જયપુરનો વેપારી કે.પી. સિંઘ ઉર્ફે મોન્ટો (એ.બી. માર્કેટિંગ સુરત) ઉધના દરવાજા વામા હાઉસમાં વેપાર કરતાં જનકભાઈ દિલીપભાઈ ધમણવાળા પાસેથી રૂા. ૩,૫૩,૪૧૭ની કિંમતનો માલ ખરીધ્યો હતો. આ માલના પૈસાની ફરિયાદી વેપારીએ ઉઘરાણી કરતા આરોપીએ બિભત્સ ભાષામાં વાતો કરી ધમકી આપી હતી. વેપારી જનકભાઈ ધમણવાળા એ આરોપી કે.પી. સિંઘ વિરુદ્ધ સલાબતપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કર્યો હતો. બનાવી સંદર્ભે એએસઆઈ દિપ્તીબેન પરસોત્તમભાઈ તપાસ કરી રહ્યાં છે.

ખરવાસાના ઉમા પ્લાઝાના બિલ્ડરો દ્વારા રૂપિયા ૭૯.૧૨ લાખની છેતરપિંડી

સુરત

ખરવાસા ખાતે આવેલ ઉમા પ્લાઝા કોમ્પલેક્ષના બિલ્ડરોએ રૂપિયા ૭૯,૧૨૦૦૦ની ઠગાઈ કરી હતી. બે દુકાન વેચાતી આપ્યા બાદ રૂપિયા મેળવી દસ્તાવેજ બનાવી આપવાને બદલે બીજાને દુકાનો વેચી દઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

ડીંડોલી પોલીસી સૂત્રોના જણાવ્યા મુજબ મગોબ શિવધારા રો હાઉસમાં રહેતા વેપારી વિજયકુમાર દશરથભાઈ પટેલે આરોપી દિનેશકુમાર મણીલાલ પટેલ (રહે. ઉમિયા બંગ્લોઝ, અલથાણ) પ્રહલાદ ગોવિંદ પટેલ (રહે. ન્યૂ પીંક સિટી, ખટોદરા) ચિંતન દિનેશકુમાર પટેલ (રહે. ઊંઝા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીને ખરવાસા ખાતે આવેલા ઉમા પ્લાઝા કોમ્પલેક્ષમાં મોકાની દુકાન રાખવાની ભવિષ્યમાં ફાયદો થશે. તેવી વાતો કરી વિશ્વાસ કેળવ્યો હતો. જેથી ફરિયાદીએ દુકાન નં. ૪,૫, રાખી ડાયરી મારફતે રોકડા રૂપિયા ૬૦ લાખ અને ચેકથી ૧૯,૧૨,૦૦૦ ચૂકવ્યા હતા. આ બન્ને દુકાનની કિંમત રૂા. ૮૦ લાખમાં નક્કી કરાઈ હતી. ફરિયાદીએ કુલ્લે રૂપિયા ૭૯,૧૨,૦૦૦ ચૂકવી દધા હતા. તેમ છતાં આરોપીઓએ દુકાનનું સાટાખત કે દસ્તાવેજ બનાવી આપવાને બદલે ખોટા વાયાદઓ કરી આ દુકાનો મુન્નાલાલ જયસ્વલાને વેચી દઈ વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.

ડીંડોલી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કામરેજ દાદા ભગવાન મંદિર રોડ પર ઝેર ખાઈને આપઘાત

'જિંદગીથી કંટાળી આત્મહત્યા કરું છું' તેવી અંગત ડાયરીમાં નોંધ

સુરત

કામરેજ તાલુકાના નનસાડ ગામ ખાતે આપેલા દાદા ભગવાન રોડ પર એક ૪૦ વર્ષના ઈસમે સેલફોન નામની ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ કામરેજ પોલીસી મથકે નોંધાતા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ અમરેલી જિલ્લાના કુકાવાવા ખાતે લુણીધાર ગામના વતની અને હાલમાં કામરેજ સરથાણા રોડ પર આવેલા મેરીગોલ્ડ રેસિડેન્સી ખાતે રહેતા ભરતભાઈ બાબુભાઈ ધાનાણીના મોત ભાઈ વસંત બાબુભાઈ ધાનાણી (૪૦)એ ગતરોજ કામરેજ રોડ પર આવેલા દાદા ભગવાન પાસે શિવાંજલી એપાર્ટમેન્ટમાં સેલફોન નામની ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા કરતા પહેલાં પોતાની અંગત ડાયરીમાં લખ્યું હતું કે, જિંદગીથી કંટાળી જઈ તેઓ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરે છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સગાવ્હાલાના નિવેદનો નોંધવાના ચક્રોગતિમાન કર્યા હતા.

સિક્યુરિટી સર્વિસ કંપનીના બેન્ક ખાતામાંથી રૂા. ૨ લાખ ગાયબ

સુરત

ઉમરા એસવીએનઆઈટી કોલેજ કેમ્પસમાં આવેલી એસબીઆઈ બેંકના જય ભગવાન સિક્યુરિટી સર્વિસી બેન્ક એકાઉન્ટમાંથી કોઈ અજાણ્યા ઈસમે બે લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર ફરી ઉપાડી લઈ ફરાર થઈ જતા ચાલકે ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈટી એકટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના વતની અને ખટોદરા ચોસઠ જોગાણી માતાના મંદિર પાસે પ્રેસિડેન્ટ મોટર્સની ઉપર જય ભગવાન સિક્યુરિટી સર્વિસ છે. તેઓનું બેન્ક એકાઉન્ટ એસવીએનઆઈટી કોલેજ કેમ્પસમાં આવેલી એસબીઆઈ બેંકમાં આવેલું છે. ડિસેમ્બર ૨૦૧૮થી આજદિન સુધીમાં તેમના બેન્ક એકાઉન્ટમાંથી રૂા. બે લાખ ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી ઉપાડી લઈ ફરાર થઈ ગયો હતો. ઉમરા પોલીસે આઈટી એકટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહેસાણા તાલુકા પંચાયતમાં ૩ સભ્યો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા

મહેસાણા

લોકસભા ચુંટણીના બે દિવસ બાકી રહ્યા છે ત્યાં મહેસાણા તાલુકા પંચાયતમાં ભાજપે ગાબડું પાડ્યું છે. તાલુકા પંચાયત મહેસાણાના ૩ સભ્યો ભાજપમાં જોડાઈ રહ્યાનું સામે આવતાં કોંગ્રેસમાં હલચલ મચી જવા પામી છે. લોકસભા ૨૦૧૯ની ચુંટણીના ગણતરીના કલાકો અગાઉ ભાજપે તાલુકા પંચાયતના ત્રણ સભ્યોને ભાજપમાં સામેલ થઈ ગયા છે. આ સાથે જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. ત્યાં રાજકીય લાયબ્રેરી ગણાતા જિલ્લામાં હલચલ મચી જવા પામી છે. મહેસાણા જિલ્લામાં કોંગ્રેસમાં કકળાટ સતત સામે આવી રહ્યો છે ત્યારે કોંગ્રેસ હસ્તકની તાલુકા પંચાયતના ત્રણ સભ્યોએ કોંગ્રેસ છોડી કેસરિયો ધારણ કર્યો છે. હજુ પણ તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતના સભ્યો બીજેપીના સંપર્કમાં હોવાનું મહેસાણા જિલ્લા બીજેપી પ્રમુખે જણાવ્યું છે. અને તેમને એવું પણ જણાવ્યું કે ૧ કે ૨ દિવસમાં હજુ વધુ લોકો બીજેપીમાં જોડાશે. મહેસાણા તાલુકા પંચાયતના સદસ્ય રાકેશ મિસ્ત્રીએ જણાવ્યું કે, અમે કોંગ્રેસમાંથી છેડો ફાડી બીજેપીમાં જોડાયા છીએ. અમારા વિસ્તારના વિકાસના કાર્યો કોંગ્રેસમાં અટક્યા હતા વિકાસના કાર્યો અમારા વિસ્તારમાં થાય અને મોદી સાહેબના હાથ મજબૂત કરવા અમે બીજેપીમાં જોડાયા છીએ તેવું જણાવ્યું હતું.

વિદેશમાં વસતા ૬૫૦ એનઆરઆઈએ ભાજપ માટે પ્રચાર શરૂ કર્યો

ગાંધીનગર

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકો સભાઓ ગજવી રહ્યાં છે. પીએમ નરેન્દ્ર મોદી ગુજરાતમાં ભાજપ ફરીથી ૨૬ બેઠકો જીતે માટે સતત ગુજરાતમાં સભાને સંબોધી રહ્યાં છે. ત્યારે ૬૫૦થી વધુ એનઆરઆઈ પણ ગુજરાતમાં ભાજપનો પ્રચાર કરવા આવી પહોંચ્યા છે.

ગુજરાતમાં ભલે મોદી લહેર જોવા મળતી ન હોય પરંતુ વિદેશમા વસતા ગુજરાતીઓમાં આજે પણ મોદીનો જાદૂ એવો જ છે, જે ૨૦૧૪ની ચૂંટણી વખતે હતો. યુકે, યુએસ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુબઈ, ન્યૂઝીલેન્ડ સહિતના દેશોમાં વસવાટ કરતા એનઆરઆઈ પોતાના વતન આવ્યા છે. મોદીથી પ્રભાવિત થઈને ૬૫૦થી વધારે એનઆરઆઈ છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ લોકસભાની બેઠકો પર જઈને ભાજપનો પ્રચાર પણ કરી રહ્યાં છે.

મોટા વરાછા રિવરવ્યુ હાઈટ્સમાં રહેતા ગીરીશભાઈ પટેલ વિરુદ્ધ ફોજદારી

કઠોરની જામીન પચાવી પાડવા બોગસ દસ્તાવેજો રજૂ કરાયા

સુરત

કામરેજ તાલુકાના કઠોર ગામ ખાતે રહેતા એક નિવૃત્ત વ્યીકતની જમીનના ખોટા દસ્તાવેજો બનાવી નવી શરતની જમીન જૂની શરતોમાં ફેરવી નાખી ખોટા દસ્તાવેજો પેપર્સ કોર્ટમાં સાચા તરીકે રજૂ કરી વિશ્વાસ કરી મોટા વરાછાનો આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના કઠોર ગામના મોટી કણબીવાડ ખાતે રહે છે. તેમની એક ખેતીની જમીન કઠોર ગામ ખાતે બ્લોક નંબર ૨૭૪માં આવેલી છે. આ જમીન તેઓના પરિવારની સંયુકત માકીની જમીન છે. મોટા વરાછા રીવરવ્યું હાઈટ્સ ફલેટ નંબર ૧૨૦૧, ૧૨૦૨માં રહેતા ગીરીશભાઈ કરમીશભાઈ પટેલ રમેશભાઈની જાણ બહાર ૨૬ વિંઘા જેટલી નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવી નાખવા ખોટા દસ્તાવેજો ખોટી સહીઓ કરી, સાટાખત બનાવ્યા હતા. આ ઉપરાંત આરોપીએ આ તમામ પેપર્સ તથા દસ્તાવેજો કોર્ટમાં ખોટા હોવાનું જાણવા છતાં સાસા તરીકે ઉપયોગ કર્યો હોવાનું બહાર આવતા રમેશભાઈએ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ તથા ૪૭૧ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘોડદોડ રોડ કંથુનાથ ટાવરની વીજ મીટર પેટીમાં આગ લાગી

મીટર પેટીમાં આગ લાગતા બિલ્ડિંગના રહીશોમાં ભય

સુરત

મળસ્કે ચારેક વાગ્યાના સુમારે ઘોડદોડ રોડ જનતા આઈસ્ક્રીમની ગલીમાં આવેલ કુંલુનાથ ટાવરમાં શોર્ટ સર્કિટથી જનરેટર અને મીટર પેટીમાં આગ લાગી હતી. આગના લીધે ટોરંટ કંપનીના મીટરને નુકસાન થયું હતું. તે સિવાય અન્ય કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મળસ્કે ૪ વાગ્યાના સુમારે ઘોડદોડ રોડ કુંથુનાથ ટાવરમાં શોર્ટ સર્કિટ થતા ફાયર સ્ટાફ તાત્કાલિત ઘટના સ્થળે રવાના થયો હતો. જનરેટરમાં શોર્ટ સર્કિટના લીધે મીટર પેટી સળગી ગઈ હતી. આથી એપાર્ટમેન્ટમાં પાવર સપ્લાય બંધ થતા તમામ રહેવાસીઓ નીચે ઉતરી આવ્યા હતા. સવારે અજવાળુ થતા ફ્લેટ ધારકો ફ્લેટમાં ગયા હતા. શોર્ટ સર્કિટના લીધે મીટર પેટી સળગી ગઈ હતી. કોઈપણ પ્રકારની જાનહાનિ ન થઈ પરંતુ પાવર કટ થતા લીફ્ટ બંધ થઈ હતી. જેથી ફ્લેટ ધારકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

ઈન્ટરનેશનલ એરપોર્ટ બિલ્ડીંગમાં કબૂતરોનો ત્રાસ, યાત્રિકો પરેશાન

સુરત

ઈન્ટરનેશનલ એરપોર્ટ બનેલા સુરત એરપોર્ટ બિલ્ડીંગમાં ઉડતાં કબૂતરોનો ત્રાસ જોવા મળી રહ્યો છે. કબૂતરોના કારણે પ્રવાસ કરતાં મુસાફરો પરેશાન છે. લોકોના કપડાં પર ચરકતાં કબૂતરોને લઈને તંત્ર દ્વારા બિલ્ડીંગના કાણાઓ પુરી દેવામાં આવ્યાં છે. આ અંગે સુરત એરપોર્ટના ડિરેક્ટર પાણીગ્રહીએ જણાવ્યું હતું કે, મુસાફરો દ્વારા કબૂતરોની ફરિયાદ મળી રહી છે તો અમુક પેસેન્જર કબુતરોને પ્રેમ પણ કરે છે. તેઓ કબૂતરોને ચણ પણ આપે છે. જો કે અમે બિલ્ડીંગમાં કબૂતરો ન આવે તે પ્રકારની વ્યવસ્થા કરી છે. બિલ્ડીંગ ખૂબ મોટું છે. જે કબૂતરો અંદર છે તેને પકડવાનું કામ ચાલે છે. જ્યારે મુસાફરોની અવરજવર ન હોય તેવા સમયે રોજના પાંચેક કબૂતરોને પકડવામાં આવી રહ્યાં છે.

તંત્રી સ્થાનેથી...

ઈનફર્ટિલિટી સમસ્યા

ઈનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઈ રહેલી લાઈફ સ્ટાઈલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઈ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઈફ સ્ટાઈલ, થાઈરોઈડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઈ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઈસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઈસ છે. જે ઈનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઈલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઈસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પર બ્લડ, યુરિન અને સ્લાઈવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઈજમાં નાંખવામાં આવે છે. ડિવાઈસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે. પાંચ મિનિટની અંદર તે કોઈ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઈ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઈ હતી.છે.

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે સમસ્યા દુનિયામાં ગંભીર બની રહી હોવાની ચર્ચા

પોર્ન સાઈટની વિકૃત અસર

ઈન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્નસામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઈન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઈટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરૂષોના દિમાંગમાં પોર્ન સાઈટોના દૃશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરૂષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવુંછે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઈપણ ચલાવી લેતેમ નથી. પોર્નસાઈટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહેછે. પોર્નસાઈટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરૂષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઈટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. યુરોપમાં ઘણી નાઈટ ક્લબ અને સોશિયલ ફ્રેન્ડશીપ ક્લબમાં ખુલ્લી રીતે ગ્રુપ સેક્સ માટે રજિસ્ટ્રેશન થાય છે. કારણ કે આધુનિક સમયમાં યુવાનો પોર્ન સાઈટોથી પ્રભાવિત થઈને વિકૃત સેક્સ તરફ આકર્ષિત થઈ રહ્યા છે.

બુન્દેલખંડમાં પ્રભુત્વ જાળવી રાખવા માટે ભાજપની સામે પડકારો

બુન્દેલખંડ : મોદી મેજિકની કસોટી થશે



છેલ્લી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ચારેય સીટ જીતી હતી પરંતુ આ વખતે ગઠબંધન નવા પડકારો ઉભા કરી શકે છે

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દ્વારા આ વખતે લોકસભાની ચૂંટણીમાં વર્ષ ૨૦૧૪ કરતા વધારે સીટો જીતવાના દાવા કરવામાં આવી રહ્યા છે. સાથે સાથે વર્ષ ૨૦૧૪માં જે પ્રકારની મોદી લહેર હતી તેના કરતા પણ પ્રચંડ લહેર હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જો કે કેટલાક રાજકીય પંડિતો આ બાબત સાથે સહમત દેખાઇ રહ્યા નથી. મોદી લહેરની ચોથા તબક્કામાં યોજાનાર મતદાનમાં કસોટી થનાર છે. બુન્દેલખંડની ચાર સીટ પર મોદી મેજિકની અસલી કસોટી થનાર છે. અહીં ચારેય સીટ જીતીને છેલ્લી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઇતિહાસ રચી દીધો હતો. આ વખતે તેની સામે પ્રદર્શનનુ પુનરાવર્તન કરવાની બાબત મુશ્કેલરૂપ દેખાઇ રહી છે. આ વખતે જે સ્થિતી છે તે પહેલા કરતા અલગ પ્રકારની સ્થિતી છે. વર્ષ ૨૦૧૪માં બુન્દેલખંડની ચાર સીટ પર શાનદાર જીત મેળવી લીધા બાદ હવે ચોથા તબક્કામાં મતદાન થનાર છે ત્યારે મોદી મેજિક પર તમામની નજર રહેનાર છે. બુન્દેલખંડની વાત કરવામાં આવે તો અહીંની જાલોન સીટ પર ત્રિકોણીય સ્પર્ધા દેખાઇ રહી છે. અહીંથી ભારતીય જનતા પાર્ટીએ છેલ્લી ચૂંટણીમાં સાંસદ તરીકે રહેલા ભાનુપ્રતાપ વર્માને રિપિટ કર્યા છે. તેમની તુલનામાં બસપના ગઠબંધનના ઉમેદવાર તરીકે નવા ચહેરા તરીકે અજય સિંહ પંકજ છે. આવી જ રીતે કોંગ્રેસ તરફથી આ સીટ પર બસપના જુના નેતા લોકસભા અને રાજ્યસભાના સાંસદ તરીકે રહેલા બૃજલાલ ખાબરીને ચૂંટણી મેદાનમાં ઉતારી દીધા છે. ભારતીય જનતા પાર્ટીના મોદી મેજિકની કસોટી ઝાંસી-લલિતપુર સંસદીય સીટ પર થનાર છે. કારણ કે શહેરભરમાં હજુ સુધી લાગેલા પ્રચાર હોર્ડિંગને જોઇને એમ લાગે છે કે ઝાંસીમાંથી તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ ચૂંટણી મેદાનમાં છે. હકીકતમાં અહીંથી પાર્ટીએ હજુ સુધી રાજનીતિથી ખુબ દુર રહેલા ઉદ્યોગપતિ અને દવા કારોબારી અનુરાગ શર્માને મેદાનમાં ઉતારી દીધા છે. જો કે તેમના પિતા વિશ્વનાથ શર્મા બે વખત સાંસદ તરીકે રહી ચુક્યા છે. તેમના પિતા એક વખત કોંગ્રેસમાંથી અને બીજી વખત ભાજપમાંથી સાંસદ તરીકે રહ્યા હતા. તેમના નાગપુર કનેક્શનના કારણે તેમને ટિકિટ મળી ગઇ છે. પોતાની લાઇફમાં પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં રહેલા અનુરાગ શર્મા આશાવાદી દેખાઇ રહ્યા છે. અનુરાગ શર્માની સામે કેટલીક સમસ્યા રહેલી છે. તેમની સામે કેટલાક નવા પડકારો છે. સૌથી મોટી અને પહેલી તકલીફ તેમની સામે એ છે કે પાર્ટીના કાર્યકરો સાથે તેમના કોઇ સંબંધ રહ્યા નથી. જેથી તેમની સામે પાર્ટીના કાર્યકરો સાથે જોડાણ કરવામાં તકલીફ આવી રહી છે. જો કે તેમની ચૂંટણીની મોટી જવાબદારી મોટા નેતાઓ પર નાંખવામાં આવી છે. હમીરપુર સીટ પરથી ભારતીય જનતા પાર્ટીએ વર્તમાન સાંસદ પુષ્પેન્દ્રસિંહ ચંદેલને ટિકિટ આપી દીધી છે. અલબત્ત અહીં પાર્ટીએ ચૂંટણી મેદાનમાં ઉતરતા પહેલા જ પૂર્વ સાંસદ રાજનારાયણ બુધોલિયા અને રાઠના નગરપાલિા અધ્યક્ષ શ્રીનવાસ બુધોલિયાને પાર્ટીમાં સામેલ કરીને તેની સ્થિતી મજબુત કરી છે. આ ઉપરાંત છેલ્લી ચૂંટણીમાં અહીંથી બસપના ઉમેદવાર રાકેશ ગોસ્વામી પણ આ વખતે ભાજપમાંથી મહોબાથી ધારાસભ્ય તરીકે છે. જેથી કોઇ મોટા ઉલટફેર થવાની શક્યતા ઓછી દેખાઇ રહી છે. અહીં ભારતીય જનતા પાર્ટીની સ્થિતી મજબુત જણાવવામાં આવી રહી છે.આ વખતે આ સીટ પર ગઠબંધન હેઠળ બસપ દ્વારા પ્રીતમ સિંહલોધીને મેદાનમાં ઉતાર્યા છે. અહીં મુખ્ય ટક્કર ભાજપ અને ગઠબંધન વચ્ચે દેખાઇ રહી છે. ભારતીય જનતા પાર્ટીની સામે બાંદામાં સ્પર્ધા વધારે જટિલ છે. પાર્ટી દ્વારા ભેરોપ્રસાદ મિશ્રાને ટિકિટ આપવાના બદલે તેમની જગ્યાએ આ વખતે આરકે પટેલને ટિકિટ આપી દીધી છે. ભેરોપ્રસાદ ટિકિટ ન મળવાના કારણે પાર્ટી ઓફિસ પર જ ધરણા કરીને દેખાવ કરી ચુક્યા છે. પટેલની સામે એક ખથરો કોંગ્રેસી ઉમેદવાર બાલ કુમાર પટેલ છે. સમાજવાદી પાર્ટીએ અહીંથી પૂર્વ સાંસદ શ્યામાચરણ ગુપ્તાને ટિકિટ આપી દીધી છે. એકંદરે મોદી મેજિકની કસોટી થનાર છે. છેલ્લી ચૂંટણીમાં મોદી મેજિક વચ્ચે ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટા ભાગની સીટો જીતી લીધી હતી. હવે આ વખતે ગઠબંધના કારણે તેની સામે તકલીફ આવી શકે છે તેમ કેટલાક રાજકીય પંડિતો કહી રહ્યા છે.

લોકો બદનામ કરે તો અને કરતા રહે તો સમજો નામ થઇ રહ્યુ છે...

નરેન્દ્ર મોદી, મિડિયા અને મુસ્લિમ



દેશભરમાં લોકસભાની ચૂંટણી જારી છે ત્યારે ત્રણ બાબતોને લઇને સૌથી વધારે ચર્ચા : મોદી સમર્થકો અન મોદી વિરોધી સામ સામે આવ્યા

લોકસભાની ચૂટણી માટે મતદાનનો દોર જારી રહ્યો છે. ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં અને ૧૮મી એપ્રિલના દિવસે બીજા તબક્કામાં મતદાન થયુ હતુ. પ્રથમ બે તબક્કામાં હજુ સુધી ૧૮૬ લોકસભા બેઠક પર મતદાન થઇ ચુક્યુ છે. હજુ મતદાનના પાંચ તબક્કામાં બાકી છે. આવી સ્થિતીમાં આ વખતે કોણ બાજી મારશે અને કોણ બાજી ગુમાવશે તેની ચર્ચા ચાલી રહી છે. મતદાનના પ્રવાહને જોતા કોઇ રાજકીય પંડિત કહેવાની સ્થિતીમાં નથી કે કોણ બાજી મારશે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ દ્વારા પોત પોતાની રીતે ચર્ચા કરવામાં આવી રહ છે અને જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી અને અન્ય પક્ષોના ટોપ નેતાઓ દિન રાત એક કરી ચુક્યા છે. રાજકીય પંડિતો કહે છે કે હાલમાં મોદી, મિડિયા અને મુસ્લિમને લઇને ચર્ચા છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સબકા સાથ સબકા વિકાસના મંત્ર પર કોંગ્રેસથી પરેશાન થયેલા લોકો અને ખાસ કરીને મુસ્લિમ સમુદાયના લોકોએ પણ ભારતીય જનતા પાર્ટીને ૧૫થી ૨૫ ટકા સુધી મત આપ ગયા હતા. આ બાબત જુદી છે કે ભારતીય જનતા પાર્ટીએ જાહેરમાં આ વાત ક્યારેય કરી નથી. એ વખતે એક હેવાલ આવ્યો હતો જેમાં ગ્રાઉન્ડ રિપોર્ટ મારફતે આ હેવાલ આવ્યા હતા. બાજપ આ બાબતને નકારે કે પછી તેના નેતાઓ આ અહેવાલને રદિયો આપે પણ આ હેવાલ સાચા છે. અંગ્રેજો ભારતમાં લાંબા સમય સુધી શાસન કરીને ગયા છે. તેમના હથિયાર તરીકે ભાગલા પાડો અને શાસન કરોની નીતિ હતી. કોંગ્રેસ પાર્ટીએ તેનુ કેટલા અંશે ઉપયોગ કર્યો તે બાબત તો લોકો સારી રીતે જાણે છે. ભાજપે સત્તા સુધી પહોંચી જવા માટે આનો કેટલા હદ સુધી ઉપયોગ કર્યો છે. આજે દેશ જાતિ અને ધર્મને લઇને વિભાજિત દેખાય છે. સદીઓ સુધી સાથે રહેનાર આજે અલગ દેખાય છે. હાલમાં ઉશ્કેરણીજનક માહોલ સર્જવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા પાચ વર્ષના ગાળામાં કેટલાક એવા પગલા લેવામાં આવ્યા જેના કારણે મોદીન ચર્ચા જોવા મળી રહી છે. જેમાં નોટબંધી અને જીએસટી જેવા મોટા સાહસી આર્થિક પગલાનો સમાવેશ થાય છે. વિરોધીઓ આ પગલાને દેશ માટે નુકસાનકારક તરીકે ગણે છે. આના માટે તેઓ દલીલ કરતા કહે છે કે આના કારણે મોટી સંખ્યામાં નોકરી લોકોની જતી રહી છે. વેપારીઓ પરેશાન થયા છે. અર્થતંત્રને ભારે નુકસાન થયુ છે. બીજી બાજુ તરફેણ કરનાર લોકો કહે છે કે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં દેશે એક પછી એક સાહસી નિર્ણય જોયા છે. જેના લીધે અપરાધીઓની ઉંઘ હરામ થઇ ગઇ છે. ત્રાસવાદનો ખાત્મો થઇ રહ્યો છે. પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડાનો સફાયો કરવામાં આવ્યો છે. વૈશ્વિક મોરચે ભારતની તાકાતમાં એક પછી એક વધારો થયો છે. ભારત એક શક્તિશાળી દેશ તરીકે ઉભરીને સપાટી પર આવતા તેનોડંકો છે. આ જ ગાળામાં કેટલાક એવી ઘટના બની જેના કારણે નિરાશ થઇને કેટલાક મોટા લોકોને પોતાના સન્માન પરત કરી દીધા હતા. ધર્મ જાતિથી ઉપર ઉઠીને લોકોએ આનો વિરોધ કર્યો હતો. રાષ્ટ્રવાદની લહેર વચ્ચે કેટલાક સમુદાયના લોકો મોદીની વિરુદ્ધમાં સ્પષ્ટપણે નજરે પડી રહ્યા છે. મિડિયાની ભૂમિકા પણ આમાં ચર્ચાસ્પદ બની રહી છે. કેટલાક મુદ્દાને મિડિયામાં ખુબ ચગાવવામાં આવ્યા છે. જેની અસર સામાન્ય લોકો પર થઇ રહી છે. કેટલાક લોકો ચોકીદારને ચોર કરે છે. કેટલાક લોકો ચોકીદારને ફેંકુ કહે છે. પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થઇ ચુક્યુ છે. બીજા તબક્કામાં મતદાન થઈ ગયુ છે.

હવે ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થયુ હતુ. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. મતદાન પહેલા કેટલાક મામલા હજુ છવાયેલા રહે તેવા સંકેતો છે.

કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જોરદાર સ્પર્ધા રહેવાની સંભાવના...

છત્તિસગઢ : મોદી-બઘેલ વચ્ચે ટક્કર



છત્તિસગઢમાં લોકસભાની ચૂંટણીમાં સીધી ટક્કર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યપ્રધાન ભુપેશ બઘેલ વચ્ચે છે. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ તમામને ચોંકાવી દઇને છત્તિસગઢમાં જોરદાર દેખાવ કર્યો હતો. ત્યારબાદથી મુખ્યપ્રધાન ભુપેશ સરકારની જવાબદારી વધી ગઇ છે. તેમની કોંગ્રેસ સરકાર રાજ્યમાં બન્યા બાદ ચાર મહિનાનો ગાળો થયો છે. આવી સ્થિતીમાં તેમની લોકપ્રિયતાની પણ કસોટી થનાર છે. છત્તિસગઢમાં સામાન્ય રીતે અલગ ઉમેદવારો મેદાનમાં છે પરંતુ રાજકીય પંડિતો માને છે કે અહીં સીધી સ્પર્ધા બઘેલ અને મોદી વચ્ચે થનાર છે. બંનેના નામ પર બંનેની પાર્ટીને લોકો મત આપનાર છે. છત્તિસગઢમાં લોકસભાની ચૂંટણી પહેલા મતદારો વચ્ચે કરવામાં આવેલા સર્વેમાં સૌથી મોટી મુદ્દો બેરોજગારી છે. આ વિષય પર વિદ્યાર્થીઓ તેમના અભિપ્રાય આપી રહ્યા છે. છત્તિસગઢમાં ચૂંટણીને લઇને કેટલીક દુવિધા છે. રાયપુર, બિલાસપુર, દુર્ગ અને કોરબા સીટ પર ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. તમામ પ્રથમ વખત લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. દરેક સીટ પર ભારતીય જનતા પાર્ટી તરફથી વડાપ્રપધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પાર્ટી તરફથી મુખ્યપ્રધાન ભુપેશ બઘેલ ઉમેદવાર અને મુખ્ય ચહેરા તરીકે છે. ચૂંટણી સભાથી લઇને જનસપંર્ક સુધી આ ચારેય સીટ પર સ્થાનક મુદ્દાની કોઇ વાત થઇ રહી નથી. જ્યારે ચારેય સીટ પરબેરોજગારી , સિચાઇ માટે વીજળી અને પાણી જેવા મુદ્દા રહેલા છે. કાયદો અને ન્યાયના મુદ્દાને પણ લોકો પ્રાથમિકતા આપી રહ્યા છે. કેટલાક લોકો એવી વાત કરતા પણ જોવા મળી રહ્યા છે કે પાકિસ્તાનને પ્રથમ વખત આ પ્રકારનો કડક જવાબ આપવામાં આવ્યો છે. કોઇ અન્ય નેતા આવા જવાબ આપી શકે નહીં. રાયપુરમાં છ વખતના સાંસદ રમેશ બેસની જગ્યાએ ભાજપે આ વખતે પૂર્વ મેયર સુનિલ સોનીને ટિકિટ આપી દીધી છે. કોંગ્રેસમાંથી રાયપુરના વર્તમાન મેયર પ્રમોદ દુબે ઉમેદવાર તરીકે મેદાનમાં છે. આ વિસ્તારની નવ વિધાનસભા સીટ પૈકી છ કોંગ્રેસ પાસે, બે ભાજપ પાસે અને એક અજિત જોગીની પાર્ટીની પાસે છે. સુનિલ સોની પોતાના વિકાસ કામોની વાત કરતા કરતા મોદીના રાષ્ટ્રવાદના મુદ્દા સુધી પહોંચી જાય છે. બીજી બાજુ પ્રમોદ દુબે વિકાસની વાત કરીને રાજ્ય સરકારની સિદ્ધીઓની વાત કરવા લાગી જાય છે. સ્ટાર પ્રચારકોની વાત કરવામાં આવે તો કોંગ્રેસ તરફથી કોઇ સ્ટાર પ્રચારકો પહોંચ્યા નથી. જ્યારે ભારતીય જનતા પાર્ટી તરફથી સૌથી મોટા નેતા અને સ્ટાર પ્રચારક નરેન્દ્ર મોદી પોતે પ્રચાર કરી ચુક્યા છે. દુર્ગ અને બિલાસપુરમાં પણ આવી સ્થિતી છે. દુર્ગ મુખ્યપ્રધાન બઘેલના વતન વિસ્તાર તરીકે છે.તેમના રાજકીય ગુરૂની પુત્રી પ્રતિમા ચંન્દ્રાકર કોંગ્રેસના ઉમેદવાર છે. ભારતીય જનતા પાર્ટીએ ભુપેશના ભત્રીજા વિજય બઘેલને ટિકટ આપી છે. જાતિગત સમીકરણમાં બંને એક સમાન નજરે પડે છે. બિલાસપુરની વાત કરવામાં આવે તો અહી કોંગ્રેસના અટલ શ્રીવાસ્તવ ભાજપના અરૂણ સાવની સામે મેદાનમાં છે. આ સીટ પરંપરાગત રીતે ભાજપની રહી છે. કોરબાની વાત કરવામાં આવે તો અહીં કોંગ્રેસ પાર્ટીએ વિધાનસભાના અધ્યક્ષ ચરણદાસના પત્નિ જ્યોત્સનાને ટિકિટ આપી છે. ૧૬મી એપ્રલના દિવસે મોદીએ સભા કર્યા બાદ અહીં રાજકીય ગરમી વધી ગઇ છે. મોદી, અમિત શાહ પ્રચાર કરી રહ્યા છે. આજે રાહુલ ગાંધી પણ પહોંચનાર છે. છત્તિસગઢમાં લોકસભાની ૧૫ સીટો રહેલી છે. આ સીટ પર તીવ્ર સ્પર્ધા રહેલી છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ જીત મેળવી લીધા બાદ ભારતીય જનતા પાર્ટીની સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે.

આ વખતે લોકસભાની ચૂંટણીમાં કેવી સ્થિતી રહે છે તેને લઇને ગણતરી શરૂ થઇ ગઇ છ. બઘેલના નામ પર કોંગ્રેસ પાર્ટી મેદાનમાં છે. જ્યારે ભારતીય જનતા પાર્ટી તો મોદી પર આધારિત દેખાઇ રહી છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
કુવાહી ટાપુ કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. કદાચ એટલે જ આ સ્થળને અનેક નૅચરલ વન્ડર ધરાવતો ટાપુ કહેવામાં આવતો હશે. અહીં આવેલી ના પાઈ જગ્યાએ સ્થિત ઊંચી ટેકરીઓ પરથી પડતાં પાણીનાં ઝરણાં અલૌકિક સૌંદર્ય પ્રદાન કરે છે. અહીં આવેલી વૅલીઓ નદી અને વેનિયર ઘાટી ટૂરિસ્ટોની ફેવરિટ જગ્યા ગણાય છે. આ ટાપુ પર આવતા લોકો અહીં સૌથી વધુ સમય પસાર કરે છે. કુવાહી આઈલૅન્ડ ટૂરિસ્ટો માટે એક અલગ દુનિયા જેવો છે. સમુદ્રની વચ્ચે આવેલા આ ટાપુ પર તમામ જરૂરિયાતની વસ્તુઓ અને સુવિધા મળી રહે છે. સમુદ્રને સ્પર્શીને આવેલી હોટેલો અને રિસોર્ટ્સ ખૂબ જ સરસ છે અને તમામ સાધન અને સુવિધાથી સજ્જ છે. જ્યાં આવીને આખા વર્ષનો થાક ઊતરી જાય છે. આરામ કરીને થાકી જાવ તો અહીં હેલિકૉપ્ટર રાઇડ પણ ઉપલબ્ધ છે, જેમાં બેસીને આઈલૅન્ડનો આકાશી વ્યૂહ લેવાની મજા આવી જશે.

પ્રાઈવેટ આઈલૅન્ડ

અહીં નિહાઉ કરીને પણ એક આઈલૅન્ડ છે જે ખાનગી માલિકીનો છે, પરંતુ ઘણો જ સરસ મજાનો પણ છે અગાઉ અહીં પરમિટથી ટૂરિસ્ટોને આવવા દેવામાં આવતા હતા, પરંતુ હવે તેના પર બ્રેક લાગી ગઈ છે, જેને લીધે અહીં ટૂરીઝમ મર્યાદિત છે. માત્ર માલિકોના મિત્રવર્ગ, ઓળખીતા અને ફૅમિલી મેમ્બરોના માટે જ આ બીચ ઓપન છે. જોકે અહીં આવવા નહીં મળે તો પણ અફસોસ કરવા જેવો નથી, કેમ કે આખા આઈલૅન્ડ પર માત્ર ને માત્ર બીચ જ બીચ છે.

હવાઈમાં આવીને કઈ ઍક્ટિવિટી કરશો

સ્નોર્કલિંગ : આજની યુવા જનરેશનની ફેવરિટ વૉટર ઍક્ટિવિટી છે, જે અહીં આવીને કરવાની મજા પડશે. સ્નૉર્કલિંગ ઍક્ટિવિટી અહીં પ્રાઇવેટ રીતે અથવા તો હોટેલ કે રિસોર્ટ દ્વારા પણ ઑફર કરવામાં આવે છે, જેનો સમય પાંચ કલાકનો હોય છે. આ ઍક્ટિવિટીના દર વ્યક્તિદીઠ ૨૭૦૦થી શરૂ થાય છે. તેમાં સાથે ગાઇડ અને તમામ ઇક્વિપમેન્ટ પણ પ્રોવાઇડ કરવામાં આવશે.

બીચ હૉપિંગ : હવાઈ આઈલૅન્ડ ઢગલાબંધ બીચોથી ભરેલો છે. ફૅમિલી, કપલ, ગ્રુપ ટૂરિસ્ટ માટે અહીં અલગ અલગ બીચ અને ઍક્ટિવિટી છે, જેમ કે કિડ્સને ગમે તેવા કાલુમા બીચ અને હેનુમા બીચ છે, જેનાં પાણી શાંત છે અને બાળકોને ગમે તેવાં છે. અહીં ઍડલ્ટ બીચ પણ છે, જેમાં રૉક જમ્પિંગ અને અન્ય ઍક્ટિવિટી સામેલ છે, જે કહાના પાલી બીચ પર ઉપલબ્ધ થઈ રહે છે.

સર્ફિંગ : સર્ફિંગ વિશ્વની સૌથી લોકપ્રિય અને માનીતી વૉટર સ્પોટ્સ છે. હવાઈ ટાપુ પર સર્ફિંગ કરવા માટે બેસ્ટ પ્લેસ છે. જેને સર્ફિંગ નહીં આવડતું હોય તો પણ વાંધો નથી, અહીં તેને શીખડાવવામાં પણ આવે છે. સર્ફિંગ કરવા માટે બેસ્ટ પ્લેસ છે વાઇકીકી બીચ. અહીં કલાકના ૫૦૦થી ૧૦૦૦ના દરે બોટ ભાડેથી મળી રહે છે, પરંતુ હા, એક વાત ધ્યાનમાં રાખવી, બીચ પર રાત્રે ૮ વાગ્યા પછી વસ્તી લગભગ શૂન્ય થઈ જાય છે, જેથી તે પૂર્વે ફરવાનો પ્લાન કરી લેવો.

સ્પા : હવાઈ આવવા પાછળનું મુખ્ય કારણ આરામ લેવાનો હોય છે અને આ આરામની સાથે થોડો સ્પા પણ મળી જાય તો ભયો ભયો. આ જ વાતને ધ્યાનમાં રાખીને અહીં સ્પા સુવિધા દરેક હોટેલો, રિસોર્ટ, બીચ પર ઠેરઠેર છે, જેનો દર ૫૦૦૦થી શરૂ થાય છે.

હાઈકિંગ : હવાઈ પર ઍડવેન્ચર કરવાની પૂરેપૂરી તક રહેલી છે. ઍડવેન્ચર એટલે કંઈ જેવું તેવું નહીં, પરંતુ વોલકેનો ટૂર એટલે કે સતત લાવા કાઢી રહેલા જ્વાળામુખીની ટૂર. આ સિવાય ગીચ જંગલ અને પહાડો ચઢવાની ટૂર પણ સામેલ હોય છે.

હેલિકૉપ્ટર રાઇડ : હવાઈ આઈલૅન્ડ કેટલો સુંદર છે તેનો નજારો ઉપરથી માણવો હોય તો હેલિકૉપ્ટર પણ અહીં ઉપલબ્ધ છે. વન્ડરફુલ વૉટરફૉલ, હિડન વૅલી, રંગીન બીચ અને જ્વાળામુખીને ઉપરથી એક પક્ષીની જેમ ઊડતાં ઊડતાં જોવાની કેવી મજા પડશે! આ હેલિકૉપ્ટર રાઇડનો ચાર્જ કલાકના ૨૫,૦૦૦ છે.

સુપ : સુપ એટલે વેજિટેબલ્સ સૂપની વાત નથી, સુપ એટલે સ્ટૅન્ડઅપ પેડલ બોર્ડિંગ, જેને શૉર્ટમાં સુપ કહેવામાં આવે છે. આ ઍક્ટિવિટી છેલ્લા ઘણા સમયથી લોકપ્રિય બની રહી છે. નામની જેમ જ આ બોટને ઊભાં રહીને ચલાવવાની રહે છે, જેમાં તમારા પગનું સંતુલન અત્યંત મહત્વનું બની રહે છે સાથે હવાની દિશા પણ એટલો જ મહત્વનો ભાગ ભજવે છે.

ઝિપ્લિંગ : આજની જનરેશનની ફેવરિટ ઍડવેન્ચર ઍક્ટિવિટી એટલે ઝિપ્લિંગ, જે અહીં પુરજોશમાં ચાલે છે. ઝિપ્લિંગ પૂર્વે ભાગ લેનાર તમામ લોકોને પ્રૉપર ટ્રેઇનિંગ આપવામાં આવે છે. આઠ વર્ષથી લઈને ૬૦ વર્ષની ઉંમરની કોઈપણ વ્યક્તિ આ ઍક્ટિવિટીમાં ભાગ લઈ શકે છે, જેમાં વ્યક્તિદીઠ રૂ. ૧૫,૦૦૦ લેવામાં આવે છે.

વિન્ડ સર્ફિંગ : હવાની ગતિ અને તેની દિશાને આધારે બોટને પાણીમાં ચલાવવી જેને વિન્ડ સર્ફિંગ કહેવામાં આવે છે, જે વિદેશીઓની પ્રિય વૉટર સ્પોટ્સ છે.

કૅમ્પિંગ : ચારે તરફ સમુદ્ર અને શાંત વિસ્તારમાં બોન ફાયરની સાથે ગ્રુપ કૅમ્પિંગ કરવાની ઇચ્છા પૂર્ણ રીતે અહીં પૂરી થઈ જશે.

પૉઈન્ટ્સ ટુ બી નોટેડ

અહીંની લોકલ કરન્સી યુએસ ડૉલર જ છે. અહીં કેટલાક ગ્રામીણ વિસ્તારને બાદ કરતાં એટીએમની સુવિધા વ્યાપક છે.

અહીંથી કંઈ ખરીદવું હોય તો હવાઈનું પ્રખ્યાત શર્ટ અલોહા ટી-શર્ટ ખરીદી શકાય છે. આ સિવાય અહીં મેડ



ઈન હવાઈ બાથ અને બૉડી પ્રોડક્ટ પણ લેવા જેવાં છે તેમ જ કંઈક હટકે ફેગરન્સ ધરાવતી બ્યુટી પ્રોડક્ટ પણ અહીંથી મળી જશે.

અહીં રાંધેલા ભાતની વાની ઘણી મળી રહે છે. વેજિટેરિયન માટે આ ખાવાનો બેસ્ટ ઑપશન રહેશે.

સેફટીની દૃષ્ટિએ હવાઈ સેફ પ્લેસ નથી. ગ્રુપમાં ફરવું અને એકાંતમાં નીકળવું ઘણી વખત જોખમી બની શકે છે.

કયારે અને કેવી રીતે જશો?

હવાઈ ટાપુનું વાતાવરણ બારે મહિના ખુશનુમા રહે છે, જેથી વર્ષના કોઈ પણ સમયે અહીં આવવાનો પ્લાન બનાવી શકાય છે, પરંતુ જો બેસ્ટ સમય પૂછશો તો સમર ટાઇમ. ઉનાળામાં અહીં ફરવા માટે ઑફ ટાઇમ પણ છે, જેને લીધે પ્રવાસ પૉકેટ ફ્રેન્ડલી બની રહેશે, સાથે ભીડ પણ ઓછી હોવાથી નિરાંતે પ્રવાસ કરી શકાશે તેમ જ ફરવાની પણ મજા આવે છે. હવાઈનું પૉપ્યુલર ડેસ્ટિનેશન છે ઓહાહુ આઈલૅન્ડ, જ્યાં હોલુલુલુ ઇન્ટરનૅશનલ એરપોર્ટ આવેલું છે. ઇન્ડિયાથી હોલુલુલુ આવવા માટે કોઈ સીધી ફ્લાઇટ અવેલેબલ નથી. દરેક ફ્લાઇટમાં એકથી બે સ્ટૉપ કરવાનાં રહેશે. અહીં પહોંચવા માટે દિલ્હીથી ફ્લાઇટ પકડવી સસ્તી રહેશે, જે માટે લંડન અથવા વોશિંગ્ટનની ફ્લાઇટ લેવી પડે, જ્યાં ઊતરીને હોલુલુલુ માટે ફ્લાઇટ પકડવાની રહે છે. અહીં સુધી પહોંચવાના એર ટિકિટના દર અંદાજે ૪૯,૦૦૦ની આસપાસ રહેશે.

આલિયા ભટ્ટ ડબલ રોલ કરવા માટે તૈયાર થઇ

ચાલબાજની રિમેક ફિલ્મમાં આલિયાના રોલને લઇ ચર્ચા

ચાલબાજની રીમેકને નવી રીતે રજૂ કરવા માટે તૈયારી

મુંબઇ

આશરે ૩૦ વર્ષ પહેલા રજૂ કરવામાં આવેલી ફિલ્મ ચાલબાજની રિમેક ફિલ્મ બનાવવા માટેની તૈયારી હાથ ધરવામાં આવી છે. આ ફિલ્મમાં શ્રીદેવી, રજનિકાંત અને સન્ની દેઓલની ભૂમિકા હતી. નિર્દેશક પંકજ પરાશરની સુપરહિટ ફિલ્મ ચાલબાજની રીમેક ડેવિડ ધવન બનાવી રહ્યા છે. જેમાં આલિયા ભટ્ટની પસંદગ શ્રીદેવીવાળા રોલ માટે કરવામાં આવી છે. ચાલબાજને આધુનિક રીતે યુવા પેઢીને ધ્યાનમાં લઇને તૈયાર કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી શ્રીદેવીના રોલ માટે અભિનેત્રીની શોધ ચાલી રહી હતી. હવે તપાસ પૂર્ણ થઇ છે. ડેવિડ ધવને આલિયાની પસંદગી કરી હોવાની વાત કરી છે. આલિયા સાથે વાતચીત પણ કરી લેવામાં આવી છે. ડેવિડ ધવને હવે તેની પસંદગી કરી લીધી છે. આલિયા ફિલ્મમાં ડબલ રોલ કરનાર છે. ચાલબાજની રીમેક બને તેવી ઇચ્છા સ્વર્ગસ્થ શ્રીદેવીએ પણ એક વખતે વ્યક્ત કરી હતી. રજનિકાંતના રોલમાં



વરૂણ ધવન રહેશે. અનુપમ ખેરના રોલમાં રોલમાં તે પોતે જ નજરે પડી શકે છે.અગાઉની ફિલ્મમાં શક્તિ કપુર અને અન્નુ કપુરની પણ ચાવીરૂપ ભૂમિકા હતી. કાસ્ટિંગને લઇને ચર્ચા ચાલી રહી છે. ફિલ્મમાં સન્ની દેઓલના રોલમાં કોણ રહેશે તે અંગે હજુ સુધી કોઇની પસંદગી કરવામાં આવી નથી. જો કે ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવી શકે છે. રામ અને શ્યામની રીમેક પર ચાલબાજ બનાવવામા આવી હતી. સીતા ઔર ગીતાની રીમેક પર તે ફિલ્મ બની હતી. આલિયા ભટ્ટ હાલમાં સૌથી લોકપ્રિય યુવા સ્ટાર તરીકે ઉભરી ચુકી છે. આવી સ્થિતીમાં હવે તેને મોટા રોલ માટેની ફિલ્મ મળી છે. હાલમાં તે રણબીર સાથે સંબંધના કારણે વધારે ચર્ચામાં રહી છે.

પ્રિયંકા ચોપડા હાલ સોશિયલ મિડિયા પર છવાઇ

હવે પ્રિયંકા ચોપડા રિતિક રોશનની સાથે ફરી રહેશે

મુંબઇ

છેલ્લા કેટલાક દિવસોથી મિડિયા અને સોશિયલ મિડિયા પર છવાયેલી પ્રિયંકા ચોપડા રિતિક રોશન સાથે કૃષ-૪ ફિલ્મમાં કામ કરવા માટે સહમત થઇ ગઇ છે. તેની પાસે આ ફિલ્મની ઓફર કરવામાં આવી ત્યારે તે સ્વીકારી લઇને તમામને ચોંકાવી ચુકી છે. હાલમાં પ્રિયંકા ચોપડાએ બોલિવુડના સૌથી મોટા સ્ટાર સલમાન ખાન સાથે ફિલ્મ કરવાનો ઇન્કાર કરી ચુકી છે. તેની પસંદગી ભારત ફિલ્મ માટે કરવામાં આવી હતી. તેને નાણાં પણ આપવામાં આવ્યા હતા. જો કે તે ફિલ્મમાંથી નિકળી ગઇ હતી. તે લીડ અને મોટા



પ્રિયંકા ચોપડા અગાઉ બે ફિલ્મમાં ભૂમિકા કરી ચુકી છે

રોલ કરવાની ઇચ્છા ધરાવે છે. ભારત છોડી ચુકેલી પ્રિયંકા સામાન્ય રીતે હવે હોલિવુડ ફિલ્મોમાં કામ કરી રહી છે. હાલમાં નિક જોનાસની સાથે લગ્નના પ્રસંગે પણ તે ચર્ચામાં રહી હતી.લગ્નના ફોટા જારી કરવામાં આવ્યા હતા. હેવાલ એવા પણ મળ્યા છે કે પ્રિયંકા ચોપડા કૃષ-૪ ફિલ્મમાં રિતિક રોશન સાથે નજરે પડનાર છે. પ્રિયંકા હવે એક ઇન્ટરનેશનલ સ્ટાર તરીકે છે. જેથી રાકેશ રોશનને પણ લાગુ રહ્યુ હતુ કે તે દેશી ફિલ્મમાં હવે કામ કરશે નહી. જો કે તે ફિલ્મ કરવા માટે રાજી થઇ ગઇ છે. પ્રિયંકા ચોપડાએ જુની મિત્રતાને જાળવી રાખીને ફિલ્મ કરવા માટેની તૈયારી દર્શાવી છે. પ્રિયંકા મિત્રતા અદા કરવામાં પાછળ હટી નથી. કૃષ-૪ ફિલ્મનુ શુટિંગ આગામી વર્ષે શરૂ કરવામાં આવનાર છે. હાલમાં તેની લાઇફ એક પરીકથાની જેમ લાગી રહી છે. નિક જોનસ સાથે લગ્ન કર્યા બાદ તે હજુ સુધી કોઇ હિન્દી ફિલ્મમાં નજરે પડી નથી. હવે તે રિતિક રોશન સાથે કામ કરવા જઇ રહી છે. જે મોટા બજેટની ફલ્મ બનાવવવામાં આવી રહી છે.

પોતાની સ્થૂળતા પર ટીકા કરતા ટ્રોલર્સ પર ભડક્યો ફરદીન ખાન



મુંબઇ

હિ મેન જેવી ઇમેજ ધરાવતા સદ્ગત અભિનેતા ફિરોઝ ખાનના પુત્ર ફરદીન ખાનની તાજેતરમાં સોશ્યલ મિડિયા પર જોરદાર ટીકા થઇ હતી.

છેલ્લે આઠ નવ વર્ષ પહેલાં દૂલ્હા મિલ ગયા ફિલ્મ કરી હતી. ત્યાર બાદ એ ફિલ્મોમાં દેખાતો ઓછો થઇ ગયો. ફિરોઝ ખાનના અવસાન પછી એ પિતાનો બિઝનેસ સંભાળતો થઇ ગયો. એ સામે કોઇને વાંધો વિરોધ ન હોઇ શકે.

પરંતુ એ દરમિયાન એ ખાવા પીવામાં અને વર્ક આઉટ કરવામાં એટલો બધો બેદરકાર થઇ ગયો કે જાડિયો પાડિયો થઇ ગયો. સોશ્યલ મિડિયા પર એનો ફોટો રજૂ થયો ત્યારે લોકોએ એની આકરી ટીકા કરી.

જો કે એ પોતાની પત્ની નતાશા અને બહેન સુઝૈન સાથે એક ઇવેન્ટમાં ગયો ત્યાં પોતાની સ્થૂળતા વિશે ટકોર કરનારા લોકો પર બગડયો હતો. એણે કહ્યું કે હું જે છું તે છું. રોજ મારી જાતને આયનામાં જોઉં છું. મને મારા વ્યક્તિત્વનો બરાબર ખ્યાલ છે. તમે શા માટે મારી પીછળ પડી જાઓ છો ? હવે હું ફિલ્મોમાં તો દેખાતો નથી. અંગત જીવનમાં જેવો છું તેવો છું.મારું વજન વધે એની ચિંતા તમારે કરવાની કોઇ જરૂર નથી, સમજ્યા ? એને ગુસ્સે થયેલો જોઇને હાજર રહેલા સૌએ મૌન સેવ્યું હતું.

ખુબસુરતી અને કુશળતા હોવા છતા ઓછી ફિલ્મ

ડાયના પેન્ટીની પાસે ખુબ ઓછી ફિલ્મો છે : રિપોર્ટ

હિન્દી ભાષાને લઇને થતી તકલીફ દુર કરવાના પ્રયાસો

મુંબઇ

તમામ પ્રકારની કુશળતા અને ખુબસુરતી હોવા છતાં ડાયના પેન્ટી પાસે કોઇ વધારે ફિલ્મ આવી રહી નથી. તે સારી ફિલ્મો મેળવી લેવા માટે આશાવાદી છે. ડાયના પેન્ટી અન્ય ભાષાની ફિલ્મો કરવા માટે પણ ઇચ્છુક છે. ડાયના હાલમાં ખુબ ઓછી હિન્દી ફિલ્મ કરી રહી છે. જો કે તે સતત સક્રિય રહેવા માટે ઇચ્છુક છે. ડાયના પેન્ટીની છેલ્લી ફિલ્મ હેપ્પી ભાગ જાયેગી હતી. જે ૩૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. ફિલ્મ ૨૬ કરોડની કમાણી કરી શકી હતી. સોનાક્ષી સિંહાની પણ આ ફિલ્મમાં ટુંકી ભૂમિકા હતી. તેની વર્ષ ૨૦૧૭માં બે ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જેમાં પોખરણ અને હેપ્પી ભાગ જાયેગી નામની ફિલ્મનો સમાવેશ થાય છે.



પોખરણમાં જહોન અબ્રાહમની ભૂમિકા મુખ્ય હતી. જેમાં ડાયનાની ભૂમિકા હતી. ફિલ્મમાં બોમન ઇરાની, પવન મલહોત્રા, અરજન બાજવા પણ કામ કરી ગયા હતા. સચિન અને જિગરની જોડી દ્વારા ફિલ્મમાં સંગીત આપવામાં આવ્યુ હતુ. વર્ષ ૧૯૯૮માં રાજસ્થાનના પોખરણ ખાતે કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણ પર આધારિત આ ફિલ્મ હતી. જે માહિતીસભર ફિલ્મ હોવાની સાથે સાથે સંદેશ પણ લઇને આવી હતી. જહોન અબ્રાહમ હાલમાં બિલકુલ ઓછી ફિલ્મમાં નજરે પડી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે જ્યારે પરમાણુ પરીક્ષણ ભારતે ૧૯૯૮માં કર્યા હતા ત્યારે દુનિયાના દેશો હચમચી ઉઠ્યા હતા. વાજપેયી સરકારને એ વખતે ભારે નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. અમેરિકા સહિતના કેટલાક દેશોએ પ્રતિબંધ પણ મુક્યા હતા. ડાયના પેન્ટી કેટલીક ફિલ્મની ઓફરને ફગાવી ચુકી છે. તેની પાસે નાની ભૂમિકાવાળી ફિલ્મની ઓફર આવી રહી છે. જો કે તે સારી અને પડકારરૂપ ફિલ્મમાં કામ કરવા માટે આશાવાદી છે. તે ફિલ્મ કોકટેલ સાથે બોલિવુડમાં એન્ટ્રી કરી ગઇ હતી.

સંજય દત્તની પુત્રી ત્રિશલાને પ્રેમ રોગ લાગ્યો..!!



મુંબઇ

સિનિયર અભિનેતા સંજય દત્તના પહેલા લગ્નથી જન્મેલી પુત્રી ત્રિશલા આજકાલ કોઇના પ્રેમમાં તો નથી પડી ને એવી ચર્ચા કોકટેલ સર્કિટમાં વહેતી થઇ હતી.

ત્રિશલાએ પોતે ઇન્સ્ટાગ્રામ પર મૂકેલી એક પોસ્ટના પગલે આ વાતો વહેતી થઇ હતી. આ પોસ્ટ પરથી ઘણાને લાગ્યું હતું કે ત્રિશલા કોઇ સાથે ડેટિંગ કરી રહી છે.

આ પોસ્ટમાં ત્રિશલા ઇટાલિયન વાનગીની મોજ માણી રહી છે અને એણે લખ્યુ છે, 'ઇટાલિયન દોસ્ત સાથે ડેટિંગ કરવાનો અર્થ છે ઢગલાબંધ પાસ્તા અને વાઇન...! આ પોસ્ટ પરથી એવી છાપ પડી રહી હતી કે ત્રિશલાના જીવનમાં કોઇ ઇટાલિયન ફ્રેન્ડની એન્ટ્રી થઇ હોવી જોઇએ.

આથી વધુ કોઇ કલુ ત્રિશલાએ આપી નથી. જો કે ઇન્સ્ટાગ્રામ પરના ફોટોગ્રાફમાં એ એકલી દેખાય છે. સંજય દત્તે ચિંતા કરવાનો સમય પાકી ગયો છે. પુત્રી યુવાન થાય ત્યારે કોઇ પણ સમજદાર પિતાની રાતની નીંદર વેરણ થવા લાગતી હોય છે.

નીના ગુપ્તાએ શાહરુખ ખાન-કરણ જોહરને મતલબી કહી દીધા

મુંબઇ

'બધાઇ હો' ફેમ નીના ગુપ્તાની પુત્રી મસાબા ગુપ્તા પણ બોલીવુડની સ્ટાર બનવા માંગતી હતી. તે તેનું કરિયર એક્ટિંગમાં બનાવા માંગતી હતી. જોકે, નીના ગુપ્તાએ પોતે મસાબાને એક્ટિંગ ન કરવાની સલાહ આપી છે. એક ઇન્ટરવ્યુમાં નીના ગુપ્તાએ જણાવ્યું કે હું એક ફ્લાઇટમાં શાહરુખ ખાન અને કરણ જોહરને મળી. મે તે લોકોને મસાબાને એક્ટિંગ ન કરવા માટે મનાવવા કહ્યું. જ્યારે આ એહસાન માટે કહ્યું ત્યારે બન્નેએ મને તેમના નંબર આપ્યા અને મને કોલ કરવા કહ્યું. જ્યારે મેં બાદમાં તે લોકોને ફોન કર્યો હતો ત્યારે બન્નેમાંથી કોઇએ મારો કોલ રિસીવ ન કર્યો. નીનાએ મજાક કરતા કહ્યું કેટલા મતલબી અને ચીપ લોકો છે જે લોકો મને નંબર આપ્યો અને ફોન પણ રીસીવ કરતા નથી.

આ ઇન્ટરવ્યુમાં નીનાએ જણાવ્યું કે. હુ થી ઇચ્છતી કે મસાબા અભિનેત્રી બને. મેં મસાબાને કહ્યું હતું કે તુ અભિનેત્રી બનવા માંગે છે તો તારે વિદેશ જવું જોઇએ. કારણકે તારી જે રીતનો ચહેરો છે અને બોડી છે તને અંહી ઇન્ડિયામાં ખૂબ ઓછો રોલ મળશે. જો તુ સારી અભિનેત્રી બની જઇશ ત્યારે પણ તને વધારે કામ નહીં મળે.

ઇશા ગુપ્તાના પિતાનો સવાલ: 'તું લેસ્બિયન તો નથી ને..?!!'

મુંબઇ

હોનહાર અભિનેત્રી ઇશા ગુપ્તાએ કહ્યું હતું કે મારો કોઇ બૉયફ્રેન્ડ નથી, આયમ સિંગલ, મને ઘણા દોસ્તો પૂછે છે કે તું ક્યારે પરણવાની છે?

'બીજા બધા તો ઠીક છે સમજ્યા, પરંતુ તમને કહું, એક દિવસ મને મારા પિતાએ પાસે બેસાડીને પ્રેમથી સવાલ કર્યો કે ઇશા, તું યુવાન છે, સુંદર છે છતાં તારો કોઇ બૉયફ્રેન્ડ કેમ નથી? ક્યાક તું કોઇ બહેનપણીના પ્રેમમાં તો નથી ને ? ત્યારે હું હસી પડી. પિતાનો મારા માટેનો પ્રેમ હું સમજી શકતી હતી પરંતુ પિતા જ્યારે આવો સવાલ પૂછે ત્યારે મને કેવો સંકોચ થાય એ તમે સમજી શકો છો' એમ ઇશાએ કહ્યું હતું.

એણે વધુમાં કહ્યું કે પિતાની નિખાલસ વાત સાંભળીને હું તો હસી પડી. પિતાને એમ લાગ્યું કે હું નોર્મલ યુવતી તો છું ને !

એણે ઉમેર્યું હતું કે મારાં માતાપિતા ઇચ્છે છે કે હું લગ્ન કરી લઉં. પરંતુ મને યોગ્ય વ્યક્તિ પણ મળવી જોઇએ ને ? ઉતાવળે કોઇ સંબંધ શી રીતે બાંધી લેવો ? એમાં ક્યારેક પાછળથી પસ્તાવાનો વારો આવે એટલે હું જરાય ઉતાવળ કરતી નથી.

મલાઇકા અરોરા ફરી હોસ્પિટલ પહોંચતા અટકળો વધી

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી મલાઇકા અરોરા થોડા દિવસોથી હોસ્પિટલના ધક્કા ખાઈ રહી છે. આને લઈને અનેક ચર્ચા ચાલી રહી છે. તાજેતરમાં તે અર્જુન કપૂર સાથે હોસ્પિટલ બહાર નજરે પડી હતી. જે બાદમાં તે ફરીથી લીલાવતી હોસ્પિટલ બહાર જોવા મળી છે. મલાઇકાની છેલ્લી હોસ્પિટલ મુલાકાતને તો યૂઝર્સ નિયમિત ચેકિંગની જેમ જ લઈ રહ્યા છે.

જોકે, બીજી વખત તે હોસ્પિટલ પહોંચતા તેના ફેન્સ ચિંતામાં છે. લોકો



સવાલો ઉઠાવી રહ્યા છે કે આખરે વાત શું છે? આ વખતે મલાઇકા એકલી જ હોસ્પિટલ પહોંચી હતી. જ્યારે આ પહેલા તે અર્જુન કપૂર સાથે દેખાઈ હતી. હવે મલાઇકા અહીં કોઈને મળવા માટે આવે છે કે પછી પોતાની જ તબિયત ખરાબ છે તેની કોઈ જ જાણકારી મળી નથી.

મલાઇકા ખૂબ જ સામાન્ય અંદાજમાં હોસ્પિટલ પહોંચી હતી. તે જેવા દેખાવમાં હોસ્પિટલ પહોંચી હતી તેવા અવતારમાં તે સામાન્ય રીતે જીમ જતી જોવા મળે છે. નોંધનીય છે કે હોસ્પિટલના ચક્કરને કારણે મલાઇકાની પ્રેગનેન્સીના સમાચાર વાયરલ થઈ રહ્યા છે. જોકે, પ્રેગનેન્સીના સમાચારની અફવા ઉડાવવામાં તો સોશિયમ મીડિયાની એક ખાસ આર્મી માહેર છે.

મોટી જાનહાનિ ટળી, ૧૩ ટ્રેનને ડાયવર્ટ કરાઈ તો એક ટ્રેન રદ્દ

કાનપુર: પૂર્વા એક્સપ્રેસના ૧૨ ડબ્બા પાટા પરથી ઉતર્યા, ૨૦ મુસાફરો ઘાયલ

કાનપુર

ઉત્તર પ્રદેશના કાનપુરમાં શુક્રવાર રાત્રે ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. હાવડાથી નવી દિલ્હી જઇ રહેલી પૂર્વા એક્સપ્રેસ (૧૨૩૦૩)ના ૧૨ ડબ્બા ટ્રેક પરથી ઉતરી ગયા હતા. આ ઘટનામાં લગભગ ૨૦ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના મોડી રાત્રે ૧૨.૫૦ વાગ્યાની આસપાસ સર્જાઇ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે, ટ્રેનની કપ્લિંગ તૂટી જવાના કારણે ટ્રેનના ૧૨ ડબ્બા ટ્રેક પરથી ઉતરી ગયા હતા. આ દુર્ઘટના રુમા નગરની પાસે સર્જાઇ છે. આ રૂટની બીજી ૧૩ ટ્રેનને ડાયવર્ટ કરી દેવાઇ છે જ્યારે એક ટ્રેન રદ્દ કરાઇ છે.

ઘટના સમયે ટ્રેનની ગતી લગભગ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની હતી. કપ્લિંગ તુટી જવાના કારણે ટ્રેનનું એન્જિન અને ૫ ડબ્બા આગળ નીકળી ગયા હતા. જ્યારે ૧૨ ડબ્બા ટ્રેક પરથી ઉતરી ગયા હતા. આ ઘટના કાનપુરથી લગભગ ૨૦ કિલોમીટર દૂર સર્જાઇ હતી.

ટ્રેન દુર્ઘટનાની જાણકારી મળતા સ્થાનીક તંત્ર અને રેલવે તંત્ર અલર્ટ થઇ ગયા હતા. સ્થળ પર દ્રુતઇદ્ધની ટીમ તૈનાત કરી દેવામાં આવી હતી. રેલવે અધિકારીઓ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં કોઇ જાનહાની થયાની સૂચના મળી નથી. ૨૦ લોકોને સામાન્ય ઇજાઓ પહોંચી છે. જેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ભારતના સંરક્ષણ દળોને બહાદુરી માટે અપાતો આ ત્રીજો સર્વોચ્ચ પુરસ્કાર છે

પાક એફ-૧૬ તોડી પાડનાર અભિનંદનને ભારત સરકાર વીર ચક્રથી સન્માનિત કરશે..!!

ન્યુ દિલ્હી

બાલાકોટ એરસ્ટ્રાઈક બાદ ભારતીય સીમામાં ઘૂસી આવેલા એક પાક એફ-૧૬ને તોડી પાડીને ઈતિહાસ સર્જનાર ભારતીય વાયુસેનાના પાયલોટ અભિનંદન વર્થમાનને ભારત સરકાર વીર ચક્રથી સન્માનિત કરી શકે છે.ભારતના સંરક્ષણ દળોને બહાદુરી માટે અપાતો આ ત્રીજો સર્વોચ્ચ પુરસ્કાર છે.

હાલમાં અભિનંદન ચાર સપ્તાહની તબીબી સારવાર માટેની રજા પરથી પાછા ફરીને શ્રીનગરમાં પોતાની ૫૧મી સ્કવોડ્રન સાથે જોડાઈ ગયા છે.જોકે તેમને ફરી ફાઈટર પ્લેન ઉડાવવા માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ એરોસ્પેસ મેડિસિન, બેંગ્લોરની મંજુરી લેવી પડશે.

ઉપ વર્ષીય અભિનંદનને ફરી ફાઈટર પ્લેનની કોકપિટમાં બેસતા પહેલા અહીંયા સંખ્યાબંધ ટેસ્ટ કરાવવા પડશે.એરફોર્સના એક અધિકારીના કહેવા પ્રમાણે લગભગ ૧૨ સપ્તાહ સુધી અભિનંદનના સ્વાસ્થ્યની ચકાસણી કરાશે. મે મહિનાના અંત સુધીમાં ખબર પડી જશે કે તેઓ વિમાન ઉડાવવા ફીટ છે કે નહી.જો તેઓ ફીટ હશે અને ફરી વિમાન ઉડાવવા માંગતા હશે તો તે જલ્દી કોકપિટમાં જોવા મળશે.

અભિનંદનને એફ-૧૬ તોડી પાડ્યુ તે વખતે અન્ય એક પાક મિસાઈલથી તેમના મિગ ૨૧ વિમાનને નિશાન બનાવાયુ હતુ.અભિનંદનને તેના કારણે પેરાશૂટ વડે પાક સીમાની અંદર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી.એ પછી તેમને બંધક બનાવાયા હતા.જોકે પાકિસ્તાનને બે દિવસમાં જ અભિનંદનને પાછો મોકલવાની ફરજ પડી હતી.

સીઈઓ વિનય દુબેને પત્ર લખીને પુછ્યું- એરલાઈનને બંધ કરવાનો વારો કેમ આવ્યો

મેનેજમેન્ટે ૨૦ હજાર કર્મચારીઓને અંધારામાં રાખ્યા: જેટના ૨૬ વર્ષ જૂના પાયલટનો આરોપ

મુંબઇ

જેટ એરવેઝના ૨૬ વર્ષ જૂના પાયલટ સુધીર ગૈરે એરલાઈનના મેનેજમેન્ટ પર આરોપ લગાવ્યો છે કે તેણે ૨૦ હજારથી વધુ કર્મચારીઓને અંધારામાં રાખ્યા છે. સ્ટાફને સમયે-સમયે એ ઘટનાઓ વિશે જણાવવામાં આવ્યું નથી, જેના કારણે એરલાઈનનું સંચાલન અચોક્કસ મુદત માટે બંધ કરવું પડ્યું.

ગૈરનું કહેવું છે કે અમને એનો જવાબ જોઈએ કે ૨૬ વર્ષ પહેલા જે એરલાઈનને આપણે શરૂ કરી તેને બંધ કરવાનો વારો કઈ રીતે આવ્યો. અમે તથ્યો અને સમગ્ર ઘટનાક્રમની જાણકારી મળે તેની રાહ જોઈ રહ્યાં છે. જેથી જાણી શકાય કે કોણે શું પ્લોટ કર્યો જેનાથી એરલાઈન નિષ્ફળ થઈ. ગૌરે જેટ એરવેઝના સીઈઓ વિનય દુબેને પત્ર લખીને ઓગસ્ટ ૨૦૧૮થી મેનેજમેન્ટમાં થયેલા ફેરફાર વિશે જવાબ માંગ્યો છે. ૧૭ એપ્રિલની રાતથી ફલાઈટનું સંચાલન બંધ કરી ચૂકેલી જેટ એરવેઝનું ભવિષ્ય હવે હિસ્સો વેચવા માટે ચાલી રહેલી પ્રક્રિયા પર ટકેલું છે. એસબીઆઈના નેતૃત્વમાં જેટની લેન્ડર્સ બેંક્રોના કંસોર્શિયમ દ્વારા ચાલુ પ્રક્રિયા ૧૦ મે સુધીમાં પુરી થશે. બેંક્રોએ કહ્યું કે જે કંપનીઓએ શરૂઆતની બોલી લગાવી હતી, તેમને અંતિમ બોલી લગાવવા માટે ૧૬ એપ્રિલે બિડ ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા છે. એસબીઆઈના નેતૃત્વમાં ૨૬ બેંક્રોએ જેટને ૮,૫૦૦ કરોડ રૂપિયાની લોન આપી છે.

સોપોરમાં એન્કાઉન્ટર: સેનાએ ૧ આતંકી ઠાર કર્યો

શ્રીનગર

જમ્મૂ-કાશ્મીરના સોપોરમાં સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ આજે સવારે થઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યાં છે. આ દરમિયાન ફાયરિંગ કરવામાં આવ્યું છે. જેમાં સેનાએ એક આતંકીને ઠાર માર્યો છે. સેનાને આતંકીઓ છુપાયા હોવાની માહિતી પ્રાપ્ત થયા બાદ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું.

ઉલ્લેખનીય છે કે શનિવારે સવારે સેનાની ૩૨આરઆર ટુકડી સોપાર અને વાટરગામમાં આતંકીઓને લઈને સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી ત્યારે છુપાયેલાં આતંકીઓએ સેના પર ફાયરિંગ કર્યું. સેનાના જવાનોએ જવાબી કાર્યવાહી કરી મુંહતોડ જવાબ આપ્યો.

કેટલાક સમય સુધી ચાલેલ ફાયરિંગમાં સેનાએ એક આતંકીને ઠાર માર્યો. સેનાના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આતંકી પાસેતી એક પિસ્તોલ અને ત્રણ હાથગોળા પ્રાપ્ત થયા છે. જો કે હજુ સુધી આતંકીની ઓળખ થઇ શકી નથી. જો કે હાલમાં આ વિસ્તારમાં સેના દ્વારા સર્ચ ઓપરેશન ચલાવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૧૩ એપ્રિલના રોજ શોપિયામાં સેનાએ બે આતંકીઓને ઠાર માર્યા હતા. ગહંડ વિસ્તારમાં અથડામણ બાદ સેનાને અહીં સફળતા મળી હતી. ૬ એપ્રિલના રોજ પણ શોપિયાના ઈમામ સાહિબ વિસ્તારમાં સેનાએ બે આતંકીઓને ઠાર માર્યા હતા. જ્યારે ૨૮ માર્ચના રોજ સુરક્ષાદળોએ શોપિયાં અને હંદવાડામાં પાંચ આતંકીઓને અથડામણમાં ઠાર માર્યા હતા.

નિરાશામાં આશાનું કિરણ

સ્પાઈસ જેટે ૧૦૦ પાઈલટ સહિત જેટ એરવેઝના ૫૦૦ કર્મચારીને નોકરી પર રાખ્યા

મુંબઇ

આર્થિક કટોકટીનો સામનો કરી રહેલી જેટ એરવેઝના ૧૦૦ પાઈલટ સહિત ૫૦૦ કર્મચારીને તેમણે નોકરી પર રાખી લીધા હોવાનું તેમ જ આગામી સમયમાં તે વધુ નવા રૂટ ઉપરાંત વધુ વિમાનસેવા શરૂ કરવાની હોવાને કારણે વધુ કર્મચારીઓની ભરતી કરશે, એમ સ્પાઈસ જેટે શુક્રવારે કહ્યું હતું.

જેટ એરવેઝે તેની સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય વિમાનસેવા કામચલાઉ ધોરણે બંધ કરી હોવાને કારણે સ્પાઈસ જેટે પોતાની ક્ષમતા વધારવા તેનાં કાફલામાં વધુ ૨૭ વિમાન, ૨૨ બૉઈંગ ૭૩૭એસ અને પાંચ ટબૉર્ બૉમ્બાર્ડિયર ક્યૂ૪૦૦ એસનો સમાવેશ કરવાની પણ જાહેરાત કરી હતી.

સ્પાઈસ જેટના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર અજયસિંહે કહ્યું હતું કે કર્મચારીઓની ભરતી કરવા માટે અમારી કંપની જેટ એરવેઝના સ્ટાફને પ્રાથમિકતા આપી રહી છે. અમે અમારી સેવાનો વ્યાપ વધારી રહ્યા છીએ અને એટલે જ અમે જેટ એરવેઝ બંધ પડી જવાને કારણે કમનસીબે તાજેતરમાં જ જેમણે પોતાની નોકરી ગુમાવી છે તેમને અમે પ્રાથમિકતા આપી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

તાજેતરમાં જ સ્પાઈસ જેટે ૧૦૦ પાઈલટ, ૨૦૦ કેબિન ક્રૂ અને ૨૦૦ કરતા પણ વધુ ટૅક્નિકલ અને એરપૉર્ટ સ્ટાફની ભરતી કરી હતી. અમે હજુ વધુ લોકોની ભરતી કરીશું અને અમારા કાફલામાં વધુ વિમાનોનો પણ ઉમેરો કરીશું, એમ તેમણે કહ્યું હતું.

પ.બંગાળ: ભાજપ ઉમેદવાર લોકેટ ચેટર્જીના ઘર પર જીવલેણ હુમલો

હુગલી

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓ માટે વિવાદ જાણે રોકાવાનું નામ લેતો નથી. પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાના અધ્યક્ષ લોકેટ ચેટર્જીના ઘર પર હુમલાનો બનાવ બન્યો છે. ભારતીય જનતા પાર્ટીએ લોકેટ ચેટર્જીને પશ્ચિમ બંગાળ સ્થિત હુગલી લોકસભા બેઠકથી ચૂંટણી માટે ઉમેદવાર બનાવ્યા છે.

લોકેટ ચેટર્જીએ આ હુમલા માટે તૃણમૂલ કોંગ્રેસને જવાબદાર ઠેરવી છે. તેમણે ટ્વીટ કરી આક્ષેપ કર્યો છે કે ગુરુવારે બપોર પછી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના ગુંડાઓએ હુગલી સ્થિત મારા નિવાસે હુમલો કર્યો. તેઓ બીજેપીના સમર્થનથી પરેશાન છે. મને બીજેપીનું સમર્થન કરવાથી કોઈ રોકી શકશે નહીં. કાયરતાપૂર્ણ હુમલા પણ મને નહીં અટકાવી નહીં શકે. હું વધુ ચૂંટણી પ્રચાર કરીશ.'

આ ઉપરાંત પશ્ચિમ બંગાળના ડમડમ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર સમિક ભટ્ટાચાર્યના કાર્યાલય પર પણ તોડફોડ કરવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પર હુમલો કરાયો હતો. તેમાં ઘાયલ નેતા ચાંડી ચરણ રાયને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પર સતત છેલ્લા થોડા સમયથી હુમલાઓ થઈ રહ્યા છે. તાજેતરમાં પંચાયત ચૂંટણીઓમાં પણ ભાજપના નેતાઓ પર હુમલો જોવા મળ્યો હતો. આ હુમલાઓ માટે ભારતીય જનતા પાર્ટીએ રાજ્યની સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ અને મુખ્યમંત્રી મમતા બેનરજીને જવાબદાર ઠેરવ્યા હતા.

પીએમ મોદીની બાયોપિક બાદ વેબસીરિઝ પર પણ પ્રતિબંધ મુકાયો

ન્યુ દિલ્હી-મુંબઈ

ભારતનાં ચૂંટણી પંચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બનેલી વેબસીરિઝ "મોદી જર્ની ઓફ અ કોમન મેન" પર પ્રતિબંધ લગાવ્યો છે. નિર્માતાઓને ઓનલાઈન કન્ટેન્ટ હટાવવાનો આદેશ આપ્યો છે.

વડાપ્રધાન મોદીની રાજનીતિ કારકિર્દી પર બનેલી ફિલ્મ પીએમ નરેન્દ્ર મોદી રીલીઝ કરવા પર ચૂંટણી પંચે ભલે પ્રતિબંધ મુકયો હોય પણ આ ફિલ્મને ખુદ વડાપ્રધાને જોઈને તેમણે મંજુરી આપી હોવાનો ખુલાસો થયો છે.

જેમાં વિવેક ઓબેરોય અભિનિત આ ફિલ્મ પહેલા ૧૧ એપ્રિલના રોજ રીલીઝ થવાની હતી. પરંતું ચૂંટણી પંચે હવે આ ફિલ્મને રીલીઝ કરવાની ના પાડી છે. જો કે વડાપ્રધાન મોદીની ટીમે આ ફિલ્મ જોયા પછી તેની મંજુરી આપવાનો ખુલાસો ફિલ્મના ડાયરેકટર ઓમંગકુમારે કર્યોછે.

ત્યારે સુત્રોનાં જણાવ્યા મુજબ એક મુલાકાતમાં ફિલ્મના ડાયરેકટર ઓમંગકુમારે જણાવ્યું હતું કે નિર્માતાએ ફિલ્મ માટે વડાપ્રધાનની મંજુરી માંગી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે ફિલ્મના શૂટીંગ દરમિયાન વ્યકિતગત રીતે હું પીએમને મળ્યો નથી. જો કે ત્યારબાદ વડાપ્રધાન અને તેમની ટીમે આ ફિલ્મ બતાવવામાં આવી હતી. આ બાબતે દિલ્હી હાઇકોર્ટ, મુંબઇ હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ અને સેન્સર બોર્ડની લીલીઝંડી મળી પણ ચૂંટણી પંચે અટકાવી હતી. જેમાં તેમણે જણાવ્યું કે આ ફિલ્મ પ્રેરણાત્મક છે, જે પીએમ મોદીનો દેશપ્રેમ અને સંઘર્ષ દર્શાવે છે.

રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે કે નહી?, નાગરિકતા અંગે જવાબ આપે: ભાજપ

અમેઠી લોકસભા ચૂંટણી: રાહુલ ગાંધીના ઉમેદવારી પત્રની તપાસ ટળી

રિટર્નિંગ ઓફિસરે ૨૨ એપ્રિલ સુધી તપાસ ટાળી, ભાજપે વળતો પ્રહાર કર્યો

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશના અમેઠીથી લોકસભા ચૂંટણી ૨૦૧૯ લડી રહ્યાં છે. તેમણે આ માટે જે ઉમેદવારી પત્રક ભર્યું હતું તેની તપાસ રિટર્નિંગ ઓફિસરે ૨૨ એપ્રિલ સુધી ટાળી છે. ત્યારબાદ ભાજપે રાહુલ ગાંધીની નાગરિકતા પર સવાલ ઉઠાવ્યાં છે.

ભાજપના પ્રવક્તા જીવીએલ નરસિંહાએ આજે પ્રેસ કોન્ફરન્સ કરીને રાહુલ ગાંધી પાસે તેમની નાગરિકતા અંગે જવાબ માંગ્યો છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી જણાવે કે તેઓ બ્રિટિશ નાગરિક છે કે નહીં? તેમણે આરોપ લગાવ્યો કે એક કંપનીમાં રાહુલની નાગરિકતા બ્રિટિશ નોંધાયેલી છે.

ભાજપના પ્રવક્તા જીવીએલ નરસિંહાએ કહ્યું કે રાહુલ ગાંધી અને તેમના વકીલ રાહુલ કૌશિક અમેઠીમાં ઉમેદવારી પત્રક પર રિટર્નિંગ ઓફિસરના ઓબ્જર્વેશનનો જવાબ આપી શક્યા નથી. તેમને ૨૨ તારીખનો સમય અપાયો છે. આશ્ચર્યની વાત છે કે તેમની પાસે જવાબ નહતો. કોંગ્રેસ અને રાહુલ ગાંધીએ જવાબ આપવો પડશે.

તેમણે કહ્યું કે રાહુલ ગાંધીજીની નાગરિકતાને લઈને પહેલો સવાલ એ છે કે શું રાહુલ ગાંધી ભારતના નાગરિક છે કે નહીં? કારણ કે તેમના ૨૦૦૪ના ડેક્લેરેશનમાં રાહુલે કહ્યું હતું કે તેમણે બેક ઓપ્સ કંપનીમાં રોકાણ કર્યું હતું અને ૨૦૦૫માં બ્રિટનની સામે જે ડોક્યુમેન્ટ અપાયા હતાં, તેમાં રાહુલ ગાંધીને બ્રિટિશ નાગરિક દર્શાવવામાં આવ્યાં હતાં. નરસિંહાનું કહેવું છે કે જો તેઓ બ્રિટિશ નાગરિક હોય તો દેશના નિયમ મુજબ રાહુલની ભારતીય નાગરિકતા ખતમ થઈ જાય છે.

સાઉદી અરબે ભારતને યાત્રાળુઓની સંખ્યા વધારવા મંજૂરી આપી

હવે દર વર્ષે બે લાખ શ્રદ્ધાળુઓ મક્કા-મદીનાની તીર્થયાત્રા કરી શકશે

ન્યુ દિલ્હી

સાઉદી આરબે ભારતને હજયાત્રા પર જનારા યાત્રાળુઓની સંખ્યા વધારવા પર મંજૂરી આપી દીધી છે. હવે દર વર્ષે બે લાખ શ્રદ્ધાળુઓ મક્કા મદીનાની તીર્થયાત્રા કરી શકશે.

જો કે ગત ફેબ્રુઆરી માસમાં સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન ભારત યાત્રા પર આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુલાકાત દરમિયાન તેમને હજ યાત્રાળુઓની સંખ્યા વધારવાની અપીલ કરી હતી.

ત્યારબાદ આજે સાઉદી સરકારે આ માટે એક સત્તાવાર આદેશ જાહેર કરી દીધો છે. આ આદેશ બાદ હવે બે લાખ લોકો સાઉદીના મક્કા મદીનાની યાત્રા કરી શકશે. આ નિર્ણય બાદ લગભગ બધા રાજ્યોના શ્રદ્ધાળુઓ હજ યાત્રા કરી શકશે.જો કે આ વર્ષે ૨ લાખ લોકો હજ યાત્રા કરી શકશે. જેના પર કોઇ સબસીડી નહીં મળે.

ફેબ્રુઆરી માસમાં નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે મુલાકાત બાદ પ્રિન્સ સલમાને યાત્રાળુઓની સંખ્યા વધારવાની જાહેરાત કરી હતી. હજ યાત્રાળુઓની સંખ્યામાં આ સતત ત્રીજા વર્ષમાં વધારો નોંધાયો છે. આ પહેલા વર્ષ ૨૦૧૮માં સાઉદી સરકારે ૧.૭૫ લાખ યાત્રાળુઓને હજ યાત્રાની મંજૂરી આપી હતી.

કેન્દ્ર સરકારે હજ યાત્રા અંગે નવી પૉલીસી બનાવવા માટે અફજલ અમાનુલ્લાહના નેતૃત્વમાં છ સભ્યોની સમિતિની નિમણૂક કરી છે. અફજલ ભારત સરકાર વરિષ્ઠ અધિકારી રહી ચુક્યા છે. અમાનુલ્લાહ હજ સમિતિના વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ સુધીનો એક ડ્રાફ્ટ તૈયાર કરીને ભારત સરકારને અહમ સુચનાઓ આપશે.

ભાજપ માત્ર ઉદ્યોગપતિઓ માટે જ કામ કરે છે

ઈન્દિરાજી સાથે સરખામણી અશક્ય પરંતુ તેમના જેવું કામ કરીશ : પ્રિયંકા

કાનપુર

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કાનપુર લોકસભા બેઠકથી પાર્ટી ઉમેદવાર શ્રીપ્રકાશ જયસ્વાલના સમર્થનમાં રોડ શો કર્યો હતો. મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ભાજપ સરકાર કાનપુરને સ્માર્ટ સિટી બનાવી રહી છે પરંતુ અત્યાર સુધી કાંઈ થયું નથી. યુવાનો બેરોજગાર છે અને દેવાના બોજ હેઠળ દબાયેલા ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. ભાજપ સરકાર માત્ર દેખાડો કરે છે. આ દરમિયાન પ્રિયંકા ગાંધીએ કહ્યું કે તેમની સરખામણી ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે ન કરી શકાય પરંતુ તે ઈન્દિરા ગાંધીના પદચિહ્નો પર અવશ્ય ચાલશે. હું ઈન્દિરાજીની સરખામણીએ કશું જ નથી. કોઈ પણ તેને અમારી વચ્ચેથી દૂર કરી શકશે નહીં. અમે તમારી સેવા કરવાનું ચાલુ રાખીશું.

રોડ શો દરમિયાન તેમણે સંબોધનમાં જણાવ્યું કે અમે ગરીબો માટે ૭૨ હજાર રૂપિયાનું વચન આપ્યું છે. પરંતુ ભાજપ કહે છે કે પૂરતા પૈસા નથી, તેમ છતાં તેમની પાસે ઉદ્યોગપતિઓને આપવા માટે ૩૦૧૭ કરોડ રૂપિયા છે. બે પ્રકારની સરકાર હોય છે. એક જે જનતાની પ્રગતિ માટે કામ કરે છે અને બીજી જે માત્ર તેની પ્રગતિની ચિંતા કરે છે. કોંગ્રેસ જનતા માટે કામ કરે છે, જ્યારે ભાજપ માત્ર ઉદ્યોગપતિઓ માટે કામ કરે છે.

તેમણે કહ્યું, હું વારાણસી ગઈ હતી જ્યાં મોદીજી વડાપ્રધાન હોવા છતાં કોઈ વિકાસ કરી શક્યા નથી. તેમણે માત્ર ૧૫ કિલોમીટર લાંબો રસ્તો બનાવ્યો. જ્યારે કોંગ્રેસ સરકારના સમયમાં ૧૫૦ કિલોમીટર લાંબો રસ્તો બન્યો હતો.

મારી સાથે દેશદ્રોહી, આતંકવાદી જેવો વ્યવહાર થાય છે : આઝમ ખાન

રામપુર

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન રામપુરમાં એક જાહેરસભાને સંબોધતા ભાવુક થઈ ગયા હતા. સ્થાનિક તંત્ર અને મળતિયાઓ તેમના સમર્થકો પર અત્યાચાર કરી રહ્યા હોવાનો આક્ષેપ કરતા તેઓ રેલીમાં રીતસરના રડી પડ્યા હતા. સપાના નેતાએ જણાવ્યું કે, 'હું દેશદ્રોહી અથવા ગદ્દાર હોઉં તેવો વ્યવહાર મારી સાથે કરવામાં આવે છે. હું દુનિયાનો સૌથી મોટો આતંકવાદી છું એવી રીતે મારી સાથે વર્તન કરવામાં આવે છે. જો તેમની પાસે અધિકાર હોત તો મને ખુલ્લેઆમ ગોળી મારી દીધી હોત.' આઝમ ખાને જણાવ્યું હતું કે 'ચૂંટણી અગાઉ મારી ઉપર ચૂંટણી પંચે ત્રણ દિવસનો પ્રતિબંધ લાદ્યો તે દર્શાવે છે કે આ લોકો શું કરવા માગે છે. પ્રતિબંધ દરમિયાન હું ક્યાંય બહાર નીકળી શકું નહીં, કોઈને મળી શકું નહીં, રેલી યોજી અને સંબોધન પણ કરી શકું નહીં.'

ભરૂચ બેઠકના ભારતીય ટ્રાયબલ પાર્ટીના ઉમેદવાર છોટુ વસાવાએ પ્રચાર અર્થે યોજયો રોડ શો

આ લોકસભા ચૂંટણી માં ગુજરાત રાજ્યની ભરૂચ સીટ મહત્વની બની રહી છે. ઝગડિયાના ધારાસભ્ય છોટુ વસાવા ભરૂચ સીટ પર બી.ટી.પીના બેનર હેઠળ પોતાની ઉમેદવારી નોંધાવી પ્રચાર રહ્યા છે.ભારતીય ટ્રાયબલા પાર્ટીના ઉમેદવાર તરિકે છોટુભાઈ વસાવાએ પોતાની ઉમેદવારી નોંધાવી ભરૂચ લોક સભામાં આવતા વિવિધ ગામોમાં પોતાનો ઝંઝાવતી પ્રચાર શરૂ કર્યો છે.

ભરૂચ શહેરમાં ભારતીય ટ્રાયબલ પાર્ટીના ઉમેદવાર છોટુ વસાવાએ એક રોડ શો યોજી પ્રચાર કર્યો હતો.જેમાંએક વિશાળ બાઇક રેલી કાઢવામાં આવી હતી.જે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી.

રેલીમા ઉમેદવાર છોટુભાઈ વસાવાને ચુંટણીના માહોલ વિષે પુછતા તેમણે પોતાની જીતનો દાવો કરી ભાજપ ઉપર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સારામાં સારો માહોલ છે. ભાજપના વિરૂધમાં આખા દેશમાં માહોલ થઈ ગયો છે. ભાજપ વાળાએ આ નર્મદા સુકી કરી દીધી છે. જેથી એ લોકો પણ આ ચુંટણીમાં સુકા જ પડી રહેવાના છે. કયા મુદ્દાઓ સાથે તેઓ પ્રચાર કરી રહ્યા છે તે વિષે પુછતાં તેમણે નર્મદામાં પાણી નથી, બેરોજગારી,લોકોને પીવા પાણી નથી તેની મોટી સમસ્યા છે.જેવા મુદ્દા ગણાવી એનાથી વિશેષ કયા મુદ્દા હોઈ શકે તેમ કહ્યું હતું.

તેમણે પોતાની આગવી શૈલીમાં ભાજપ ઉપરા પ્રહાર કરતા જણાવ્યું કે તેઓ જાણે જ છે આ તમામ સમસ્યા છે પણ જાણી જોઈને તેમણે કોઇ સુવિધાઓ આપવી નથી. એટલા માટે જ હું આ ચુંટણી લડવા નીકળ્યો છું.

વિધાન સભાની ચુંટણી કરતા લોકસભાની ચુંટણીમાં તેમના અલગા જ મીજાજ અને કોને બતાવવા માંગો છો તે વિષે પુછતાં તેમણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, હું ભાજપ અને કોંગ્રેસ ભેગા જ છે માટે બંન્નેવને બતાવવા અલગથી તેમનો વિરોધ કરવા નીકળ્યો છું. હાર્દિકને લાફો પડ્યો એ મૂદ્દે હસતા હસ્તા તેમણે કહ્યું એ એમને જ પુછો કેમ તમચો પડ્યો છે? એ કોઇ સમાજને લઈ ને ચાલતો નથી,એ તો બધા અંદરખાને બી.જે.પી. કોંગ્રેસને ચલાવવા વાળા લોકો છે.લોકોના નામે મુમેન્ટ ચલાવી ને સોદા કરવા વાળા લોકો છે.

સોમવારે સવારે જ ચૂંટણીની ફરજ પર અચૂક હાજર થવા કર્મચારીઓને ફરમાન

તા.૨૨'મીએ ફાળવેલા મતદાન કેન્દ્રો પર કર્મચારીઓએ હાજર થઈ જવું પડશે

સુરત

આગામી ૨૩મી એપ્રિલના રોજ શહેર સહિત સમગ્ર રાજયમાં ૨૬ લોકસભા બેઠક પર એક સાથે ચૂંટણી યોજવાની છે. ચૂંટણી ફરજ ઉપર સરકારી અર્ધસરકારી કર્મચારીઓને ડ્યુટી ફાળવવામાં આવતા સોમવાર અને મંગળવારે સરકારી ઓફિસોમાં કામગીરી ખોરંભે ચઢશે.

લોકસભા ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી ૨૩મી એપ્રિલના રોજ યોજવાની છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી થાય તે માટે ભારતીય ચૂંટણી તંત્રના આદેશથી રાજ્ય અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા રાજયની તમામ સરકારી, અર્ધસરકારી કર્મચારીઓ તતા શિક્ષકોનો ચૂંટણી પ્રક્રિયામાં ફરજ નિયુક્ત કરાતા હોય છે. મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, સુડા, સરકારી અર્ધસરકારી, સહકારી બેંકોના કર્મચારીઓ, ખાનગી સરકારી સ્કૂલ કોલેજો તેમજ યુનિવર્સિટીનો સ્ટાફ, પોલીસ, હોમગાર્ડ, એસઆરપી ચૂંટણી ડ્યુટીમાં જોતરાય હોય છે. ૨૩મી એપ્રિલના રોજ ચૂંટણી યોજવાની હોવાથી ચૂંટણી ફરજમાં જોતરાયેલ તમામ સરકારી અર્ધસરકારી કર્મચારીઓને ૨૨મી એપ્રિલના રોજ સવારે જે તે લોકસભાની વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે ફાળવેલ ડીસ્પેચ એન્ડ રીસીવર સેન્ટર ખાતે હાજર થવાનું હોય છે. ત્યાંથી મતદાન માટેની જરૂરી સાધન સામગ્રી ઈવીએમ મશીન લઈને બપોર બાદ જે તે મતદાન કેન્દ્ર ઉપર પહોંચી જવાનું હોય છે. મોટાભાગના ચૂંટણી ડ્યુટીમાં જોતરાયેલ સ્ટાફને જે તે મતદાન કેન્દ્ર ખાતે જ રાત્રિ રોકામ કરવાનું હોય છે અને બીજા દિવસે ૨૩મી એપ્રિલના રોજ વહેલી સવારથી મોકપોલ બાદ મતદાન પ્રક્રિયા શરૂ થઈ જાય છે. આમ ચૂંટણી ડ્યુટીનો સ્ટાફ બે દિવસ કામગીરીમાં જોતરાયો રહેશે. જેથી સોમવાર અને મંગળવારે બે દિવસ સરકારી અર્ધસરકારી કચેરીઓમાં સટાફની અછતથી રૂટીન કામગીરી ખોરંભે ચડશે.

કોંગ્રેસને હંમેશા ગુજરાત આંખના કણાની માફક ખુંચ્યું છેઃ સીએમ રૂપાણી

રાજકોટ



લોકસભાની ચૂંટણી પ્રચારના ભાગ રૂપે મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટની મુલાકાતે છે જ્યાં તેમણે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. વિજય રૂપાણીએ મીડિયા સાથે વાત કરતા મોદી સરકારના કામો ગણાવ્યા હતા તો સાથે સાથે કોંગ્રેસ ઉપર આકરાં પ્રહારો પણ કર્યા હતા. કોંગ્રેસે સરદાર પટેલને પાછા પાડ્યા તો મોરારજી દેસાઈને ઉઠલાવી દીધા અને હવે કોંગ્રેસ મોદીને પાડવા માટે પાછળ પડી ગઈ હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ત્રાસવાદ સામેના પગલાં તમને ખબર જ છે. પાકિસ્તાનને પહેલી વખત એકલું અટલું પાડી દીધું. વાતાઘાટો બંધ કરી દીધી. આર્થિક વ્યવહાર પણ બંધ કરી દીધા. હુરિયાતના નેતાઓ સામે પહેલીવાર કડક પગલા લેવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના સાશનમાં અનેક શહેરોમાં બોમ્બ ધડાકા થતા હતા. જોકે, છેલ્લાં પાંચ વર્ષમાં એક પણ બોમ્બ ધડાકો થયો હતો. સેનાનો વર્ષોનો પ્રશ્ન વનરેક વન પેન્શન એ પણ ભાજપની સરકારે સોલ્વ કર્યો છે. ૧૫ હજારથી વધુ કાયદાઓ બદલાયા છે. વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા ઊભી કરી છે.

વિજય રૂપાણીએ કોંગ્રેસના ૭૨ હજાર વાર્ષીક આપાવી યોજના ઉપર પ્રશ્ન કરતા કહ્યું કે, કોંગ્રેસ પાસે ૭૨ હજારનો કોઇ હિસાબ છે? કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત આંખના કણાની માફક કોંગ્રેસને હંમેશા ખુંચ્યું છે. ગુજરાતને અન્યાય પણ કરતા આવ્યા છે. સરદાર વલ્લભભાઇ પટેલને દૂર કર્યા હતા. મોરારજી દેસાઇને ઉથલાવી પાડ્યા હતા. અને હવે મોદીને પાડવા માટે કોંગ્રેસ પાછળ પડી ગઇ હતી.

રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં મતદાનના દિવસે કર્મચારીઓને રજા આપવા આદેશ

રાજપીપળા : નર્મદા જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે ૨૩ એપ્રિલે રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં આવતાં તમામ દૂકાનદારો, વાણિજ્ય સંસ્થાના માલિકો,વ્યવસ્થાપકોને તેમના કર્મચારીઓ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ-૧૩ (બી)ની જોગવાઇ અનુસાર પાલિકામાં નોંધાયેલા દૂકાનદારો, હોટલો, ફેકટરીઓ, જાહેર આનંદપ્રમોદની સંસ્થાઓમાં કામ કરતા કર્મીઓને સવેતન રજા મંજૂર કરવાની રહેશે તેમ રાજપીપળા નગર પાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું છે.આ હુકમનું પાલન ન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

કામરેજના માંકણા ગામે નાળામાં જુગાર રમતા ૧૩ જુગારી ઝડપાયા

સુરત

કામરેજ-માંકણા ગામના ગરનાળા પાસે ગોળકુંડાળુ વાળી તીનપત્તીનો જુગાર રમતા ૧૩ જુગારીઓને પોલીસે ઝડપી પાડી મોટર સાઈકલ, રોકડા, મોબાઈલ ફોન મળી કુલ્લે ૧.૬૪ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજમાં માંકણા ગામના ગરનાળા પાસે ગોળકુંડાળુવાઈળીને તીનપત્તીનો જુગાર જ્ઞાનેશ્વર પાટીલ, સૂરજનાથ શાહુ, હુસેન પઠાણ, ભટ્ટુભાઈ પાટીલ, ભાવ સાહેબ પાટીલ, ચેતનભાઈ ભોય રવીન્દ્ર મરાઠા, ભરતભાઈ ભરવાડ, નવીન ચૌહાણ, ભરત સીસોદીયા, મંગાભાઈ રાઠોડ વિગેરેઓ રમતા હતા.કામરેજ પોલીસને મળેલી બાતમીના આધારે દરોડા પાડતા પોલીસે રોકડા રૂા. ૨૯૩૬૦/- ૪ નંગ મોટર સાઈકલ, મોબાઈલ ફોન મળી કુલ્લે ૧.૬૪ લાખનો મુદ્દામાલ કબજે કરી તમામ જુગારીઓની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓને પોલીસ મથકમાંથી જામીન મુકત કર્યા હતા.

ઉછીના રૂપિયાની ઉઘરાણી કરતા ચપ્પુ વડે હુમલો

સુરત

ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી કરતા ચપ્પુ હુલાવ્યાની ઘટના લસકાણામાં બની હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કામરેજ અંજની રેસિડેન્સીમાં રહેતા મશીન મિકેનિક રવીન્દ્રભાઈ દડ્યાનીભાઈ સામલ એ આરોપી છોટેલાલ જસુન શાહ પાસેથી પૈસા લેવાના હોય, આ બાબતે ગાળા-ગાળી થતા આરોપી છોટેલાલ ફરિયાદી રવીન્દ્રને માર મારી ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. આ બનાવ લસકાણાના રામદેવ ઈન્ડસ્ટ્રીઝના ગેટ પાસે બન્યો હતો. સરથાણા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કૂટણખાના પર દરોડા પાડી ૨ લલના સહિત ગ્રાહકોની ધરપકડ

કતારગામ વિસ્તારમાં આવેલા જૂના કતારગામ પોલીસ સ્ટેશનની સામે એપાર્ટમેન્ટમાંથી કૂટણખાનું ઝડપાયું હતું. બાતમીના આધારે પોલીસે પ્રભુદર્શન એપાર્ટમેન્ટમાં આવેલા ફ્લેટ નંબર ૨૦૪માં રેડ કરીને દેહવ્યાપારના ધંધો ઝડપી પાડ્યો હતો. સાથે પોલીસે બે લલના અને ગ્રાહકોની ધરપકડ કરી હતી. પોલીસ સમગ્ર મામલે હાલ તપાસ શરૂ કરી છે. જો કે, સ્થાનિકોએ આક્ષેપ સાથે જણાવ્યુંહતું કે, પોલીસે સેટિંગ કરીને છોડી દેવામાં આવ્યાં છે. સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. સ્થાનિકોએ પોલીસ રેડ કરવા આવી તે સમયના સીસીટીવી પણ જાહેર કર્યાં છે.

કોંગ્રેસના વડાપ્રધાનના ઉમેદવાર કુતરાનું બચ્ચું (ગલુડિયા) જેવા છે..ગણપત વસાવા

કિસાન કયાણ નિધિ યોજના હેઠળ પહેલો હમો તમને મળ્યો એતો હોળી કરવા આપ્યો હતો . અને હવે બીજો હમો ચાલુ કરી દીધો છે જે આ ચૂંટણી માટે આપ્યો છે



રાજપીપળા : ભરૂચ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મનસુખ વસાવાના પ્રચાર માટે પ્રથમ મોટી જાહેર સભા નર્મદાના રેડીયાપાડામાં પીઠા ગ્રાઉન્ડ ખાતે યોજાઈ જેમાં વનમંત્રી ગણપત વસાવા,સાંસદ મનસુખભાઈ વસાવા,પ્રદેશ ભાજપ આદિજાતિ મોરચાના પ્રમુખ મોતીભાઈ વસાવા હાજર રહ્યા હતા

ત્યારે આ સભામાં ગણપત વસાવાએ કોંગ્રેસ પર આકાર પ્રહારો કર્યા હતા જેમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને કુતરાનું બચ્ચું ગલુડિયું કહી સંબોધ્યા ત્યારનાદ બીજા વિવાદિત નિવેદનમાં એમ કહ્યું કે ખેડૂતોને પહેલો હમો મળી ગયો હશે જે હમો સરકારે હોળી કરવા આપ્યો હતો. જ્યારે ગઈ કાલથી બીજો હમો આપવાનો ચાલુ કરી દીધો છે. જે આ ચૂંટણી માટે આપવામાં આવશે. કહી બે નિવેદનો વિવાદિત આપતા જાહેરસભામાં ભારે હસી ઉડી હતી .આમ એક બાદ એક અલગ અલગ પક્ષના વિવાદિત નિવેદનો થી એક બીજા ઉપર આકરા પ્રહારો થતા રાજકારણ ગરમાયુ છે.

આ સાથે જાહેર સભામાં સાંસદ મનસુખ વસાવાએ બિટીપી કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા જેમાં જંગલ જમીનની બાબતે બીટીપી અને કોંગ્રેસ વાળા બકવાસ કરે છે. સાથે કોંગ્રેસ ઠાલા વચન આપે છે.રાહુલ ગાંધી જુઠાણું ફેલાવી રહ્યા છે તેવી ઘણી બાબતે ગંભીર આક્ષેપો કર્યા હતા. ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પ્રચારના અંતિમ ચરણમાં એક બીજા પર આકરા પ્રહારો કરવાનો આ સિલસિલો આજે પણ યાથવત જોવા મળ્યો હતો .

ઉધના હરીનગર ખાતે બંધ ઘરમાં ચોરી થઈ

સુરત

ઉધના હરિનગર-૩ ઘર નં. ૧૨૦માંથી અજાણ્યા તસ્કરો રૂા. ૧.૫૪ લાખની મતા ચોરી કરી ગયા હતા. ઉધના પોલીસી સ્ટેશનેડ નોંધાયેલી ફરિયાદ મુજબ હરિનગર-૩ ઘર નં. ૧૨૦નુંતાળુ અજાણ્યા તસ્કરોએ ખોલી કબાટ તથા રસોડામાંથી રૂપિયા ૮૪,૦૦૦ની દાગીના રોકડા ૭૦,૦૦૦ મળી કુલ્લે રૂા. ૧,૫૪,૦૦૦ની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે ઘર માલિક વિનોદ ભીખાભાઈ પાટીલ ઉધના પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

MARKET4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847